# અધ્યાત્મના નય

## ❖ નયજ્ઞાનની આવશ્યકતા :-

નયનું સાચું સ્વરૂપ નીચેના કારણોને લીધે સમજવું આવશ્યક છે.

(૧) જિનાગમને સમજવા માટે.

(૨) વસ્તુસ્વરૂપનાં સાચા જ્ઞાન માટે.

(૩) આત્માનાં સાચા (સમ્યક્) જ્ઞાન માટે.

(૪) આત્માનુભવ માટે.

(૫) સાંસારિક દુ:ખોથી બચવા માટે.

(૬) મિથ્યાત્વનાં નાશ માટે.

(૭) સાચા સુખની પ્રાપ્તિ માટે.

સમસ્ત જિનાગમ નયોની ભાષામાં રચાયેલાં છે. માટે જિનાગમનાં મર્મને સમજવા નયજ્ઞાનની અત્યંત આવશ્યકતા છે.

વસ્તુ તો અનંતગુણો અને પરસ્પર વિરૂદ્ધ પ્રતીત થવાવાળાં અનેક (અનંત) ધર્મયુગલોનો પિંડ છે. અનંતધર્માત્મક વસ્તુને એકસાથે જાણી તો શકાય છે, પરંતુ બધાનું કથન એકસાથે સંભવ નથી. અનંતગુણાત્મક, અનંત ધર્માત્મક વસ્તુનું કથન આંશિક થઈ શકે છે, આંશિક કથન અપેક્ષાપૂર્વક જ થાય છે, તેને જ નય કહેવામાં આવે છે. તેથી, વસ્તુનાં સાચા જ્ઞાનની પ્રાપ્તિ માટે નયજ્ઞાનની આવશ્યકતા છે.

સાંસારિક દુ:ખોનો નાશ અને સાચા સુખની પ્રાપ્તિ મિથ્યાત્વનાં નાશ વગર સંભવ નથી. મિથ્યાત્વનો નાશ, આત્માનુભવ વગર સંભવ નથી. આત્માનો અનુભવ સાચા (સમ્યક્) જ્ઞાન વગર સંભવ નથી. આત્માનું સાચું જ્ઞાન નય દ્વારા થાય છે, તેથી આપણને નયજ્ઞાનની આવશ્યકતા છે.

દરરોજ આપણે લોકવ્યવહારમાં અપેક્ષાનો પ્રયોગ કરીએ છીએ. સાકરનો ડબ્બો,

પપ્પુનો પલંગ વગેરે. વાકયપ્રયોગમાં ડબ્બો તો પ્લાસ્ટિક અથવા સ્ટીલનો હોય છે અને પલંગ લાકડીનો, પરંતુ તેનો ઉપયોગ કરવાની અપેક્ષાએ આપણે સાકરનો ડબ્બો, પપ્પુનો પલંગ કહીએ છીએ. લોકવ્યવહારમાં આપણે અપેક્ષા સમજવા માટે આવા પ્રકારનાં વાક્યપ્રયોગ કરીએ છીએ.

### ❖ નયનું સામાન્ય સ્વરૂપ :-

જે વસ્તુને અનેક સ્વભાવોથી, પૃથક્ કરીને એક સ્વભાવમાં સ્થાપિત કરે છે, તેને નય કહે છે. અથવા જે અન્ય પક્ષનો નિષેધ ન કરતાં, વસ્તુનાં અંશનું કથન કરે છે, તેને નય કહે છે, કયાંક શ્રુતજ્ઞાનનાં વિકલ્પને ક્યાંક જ્ઞાતાનાં અભિપ્રાયને તો ક્યાંક વક્તાના અભિપ્રાયને પણ નય કહેવામાં આવ્યાં છે.

જગતની સમસ્ત વસ્તુઓ સામાન્ય-વિશેષાત્મક છે. આ સામાન્ય-વિશેષાત્મક વસ્તુઓ જ પ્રમાણનો વિષય છે, જ્ઞાનનો વિષય છે. તેને સમ્યક્ જાણવાવાળું જ્ઞાન જ પ્રમાણ છે અને નય પ્રમાણનું એકદેશ છે. પ્રમાણનો વિષય સંપૂર્ણ વસ્તુ છે અને નયનો વિષય અંશ છે.

વસ્તુનાં અંશનું કથન કરવાને કારણે નયોની પ્રવૃત્તિ વસ્તુનાં એકદેશમાં (એક અંશમાં) જ થાય છે. વસ્તુના એકદેશનું નિરૂપણ કરવાવાળાં હોવાથી તે નયોનું કથન અપેક્ષા સહિત (સાપેક્ષ) જ હોય છે, અપેક્ષા રહિત (નિરપેક્ષ) નહીં. નયોના કથનની સાથે જો અપેક્ષા લગાડવામાં ન આવે તો જે વાત વસ્તુનાં અંશનાં સંબંધમાં કહેવામાં આવી છે, તેને સંપૂર્ણ વસ્તુના સંબંધમાં સમજવામાં આવશે, જે સત્ય નહીં હોય. દાખલા તરીકે આપણે કહીએ કે હાથી થાંભલા જેવો હોય છે; પરંતુ અપેક્ષા બતાવ્યા વગર આમાં હાથી વિષે આ કથન કહીશું તો તે સત્ય છે; કારણ કે હાથીનાં પગ થાભલાં જેવાં હોય છે; પરંતુ અપેક્ષા બતાવ્યા વગર આમાં હાથી વિષે આ કથન કહીશું તો તે સત્ય નહીં ઠરે. અથવા તો એમ કહીએ કે "આત્મા અનિત્ય છે;' આ કથન પર્યાયની અપેક્ષાએ તો સત્ય નહીં હોય; કારણ કે દ્રવ્ય-પર્યાયાત્મક આત્મવસ્તુ તો નિત્યાનિત્યાત્મક છે.

તેથી સાપેક્ષનયને જ સમ્યક્નય કહ્યાં છે; નિરપેક્ષને નહીં. નિરપેક્ષ નય મિથ્યા હોય છે; દુર્નય કહેવાય છે.

સમ્યક્ નય જ નય છે અને તે નય જ્ઞાનીને જ હોય છે, અજ્ઞાની ને નહીં. અજ્ઞાનીનાં નય, નય નહીં પરંતુ નયાભાસ છે.

જ્ઞાની વક્તા પોતાના અભિપ્રાયાનુસાર જ્યારે અનંતધર્માત્મક વસ્તુમાંથી એક ધર્મનું કથન કરે છે, ત્યારે તેમના કથનમાં એક ધર્મ મુખ્ય અને અન્ય ધર્મો ગૌણ હોય છે. અહીં મુખ્યતા-ગૌણતા વસ્તુમાં રહેલાં ગુણો-ધર્મોની અપેક્ષાએ નથી હોતાં, પરંતુ વક્તાની ઇચ્છા અને પ્રયોજન અનુસાર હોય છે.

મુખ્યતા-ગૌણતા અને વિવક્ષા-અવિવક્ષા એ વાણીનાં ભેદ છે; વસ્તુનાં નહીં. વસ્તુમાં તો સર્વ ગુણ-ધર્મ સમાનતાથી સદા વિદ્યમાન રહેતાં હોય છે. આ બધાંને એકસાથે કહેવાનું સામર્થ્ય વાણીમાં ન હોવાનાં કારણે વાણીમાં મુખ્ય-ગૌણનાં ભેદ જોવામાં આવે છે.

મુખ્યધર્મને વિવક્ષિત ધર્મ અને ગૌણ ધર્મને અવિવક્ષિત ધર્મ કહે છે. નયોનાં કથનમાં અવિવક્ષિત ધર્મનો નિષેધ કરવામાં નથી આવતો, પરંતુ તેના સંબંધમાં મૌન રહેવામાં આવે છે, તે મૌન રહેવું, કશું ન કહેવું તે જ ગૌણતા છે.

અવિવક્ષિત ધર્મના નિષેધને નયાભાસ કહે છે.

જે નય વાસ્તવિક રીતે આત્માના સ્વરૂપને સમજવા-સમજાવવા માટે કામ આવે છે; તેને અધ્યાત્મનાં નય કહે છે.

જૈનદર્શનમાં મુખ્યરૂપે અધ્યાત્મના બે મુખ્ય મૂળનય કહ્યાં છે.

૧. વ્યવહારનય અને

૨. નિશ્ચયનય.

સામાન્ય-વિશેષાત્મક વસ્તુને સામાન્ય અને વિશેષ - એમ અંશોમાં વિભાજન કરીને સમજી શકાય છે. આમાં સામાન્યાંશને વિષય કરવાવાળો નિશ્ચયનય હોય છે અને વિશેષાંશને વિષય કરવાવાળો વ્યવહારનય હોય છે.

## ❖ ૧. વ્યવહારનય :

વિભિન્ન શાસ્ત્રોમાં વ્યવહારનય વિષે વિભિન્ન કથનો પ્રાપ્ત થાય છે, જેમાં મુખ્યરૂપે આ પ્રમાણે છે :-

૧. જે એક વસ્તુના ધર્મોમાં કથંચિત્ ભેદ અથવા ઉપચાર કરે છે, તેને વ્યવહારનય કહે છે.[૧]

૨. ઉપચરિત નિરૂપણને વ્યવહાર કહે છે.[૨]

3. પરાશ્રિત કથનને વ્યવહાર કહે છે.[3]

૪. જેનો વિષય ભિન્ન કર્તા-કર્મ આદિ વિષય છે, તે વ્યવહારનય છે.[૪]

૫. એક જ દ્રવ્યના ભાવને અન્ય દ્રવ્યના ભાવસ્વરૂપ કહેવું વ્યવહારનય છે. જેમ કે ઘીનો સંયોગ જોઈને માટીના ઘડાને ઘીનો ઘડો કહેવું વ્યવહારનયનું કથન છે.[૫]

૬. જે દ્રવ્યની જે પરિણતિ હોય, તેને અન્ય દ્રવ્યની કહેવી તે વ્યવહારનય છે.[૬]

૭. વ્યવહારનય સ્વદ્રવ્યને, પરદ્રવ્યને અથવા તેના ભાવને અથવા કારણ-કાર્યાદિકને કોઈને કોઈમાં મેળવીને નિરૂપણ કરે છે.[૭]

૮. વ્યવહારનય અભૂતાર્થ છે.[૮]

ઉકત સમસ્ત કથનો પર ધ્યાન આપવાથી આ પ્રમાણે નિષ્કર્ષ નીકળે છે કે :-

❖ **વ્યાખ્યા :-**

જે નય એક અખંડ વસ્તુમાં ભેદ કરે છે અને ભિન્ન - ભિન્ન વસ્તુઓમાં અભેદપણું સ્થાપિત કરે છે, તેને વ્યવહારનય કહે છે. એક જ વસ્તુના ધર્મોમાં વ્યવહારનય કથંચિત્ ભેદ અથવા ઉપચાર કરે છે.

---

1. (a) દ્રવ્યસ્વભાવપ્રકાશક નયચક્ર, ગાથા-૨૬૪
   (b) ભેદોપચારતયા વસ્તુ વ્યવહ્રિયતે ઇતિવ્યવહાર: । આલાપપદ્ધતિ ।
2. મોક્ષમાર્ગ પ્રકાશક, પાનું 248 થી 249
3. સમયસાર ગાથા 272 ની આત્મખ્યાતિ ટીકા
4. (a) તત્વાનુશાસન, આચાર્ય નાગસેન (b) અનાગારધર્મામૃત; પંડિત આશાધરજી, અધ્યાય-1 શ્લોક-2
5. મોક્ષમાર્ગ પ્રકાશક – પાનું 249
6. મોક્ષમાર્ગ પ્રકાશક – પાનું 250
7. મોક્ષમાર્ગ પ્રકાશક – પાનું 251
8. (a) સમયસાર ગાથા – 11 (b) પુરુષાર્થ સિદ્ધ્યુપાય, શ્લોક – 5

❖ **કાર્ય :-**

વ્યવહાર નયનું કાર્ય અભેદ વસ્તુમાં ભેદ કરીને સમજાવવાની સાથે - સાથે ભિન્ન -ભિન્ન વસ્તુઓના સંયોગો અને તેના નિમિત્તથી થવાવાળા સંયોગીભાવોનું જ્ઞાન કરાવવાનું અને કર્તા-કર્મનાં ભેદ કરીને ભિન્ન - ભિન્ન દ્રવ્યોની વચ્ચે કર્તા-કર્મનો સંબંધ બનાવવાનું પણ છે.

## ❖ કથન :-

વ્યવહાર નયનાં કથન પરાશ્રિત કથન છે; સાપેક્ષ કથન છે, પરાશ્રિત કથન છે; તેથી ઉપચરિત કથન છે. બે દ્રવ્યોની વચ્ચે એકતા સંબંધી સંયોગી કથન, ઉપચરિત સંબંધી કથન છે. જેમ કે - એક દ્રવ્યનાં ભાવને બીજા દ્રવ્યનાં કહેવા, એક દ્રવ્યની પરિણતિને (ક્રિયા) બીજા દ્રવ્યની કહેવી, બે દ્રવ્યોની સંયોગી ક્રિયાને એક દ્રવ્યની કહેવી, બે દ્રવ્યોનાં કારણ-કાર્યાદિકને ભેગા કરીને કથન કરવાં - આ બધાં ઉપચરિત કથન છે, વ્યવહાર નયનાં કથન છે.

## ❖ ભૂતાર્થતા - અભૂતાર્થતા :-

વ્યવહાર નયનું કથન પ્રયોજનવશ કરેલું સાપેક્ષ કથન છે, પરાશ્રિત કથન છે. તેથી કથંચિત્ ભૂતાર્થ છે, સત્યાર્થ છે અને કથંચિત્ અભૂતાર્થ છે, અસત્યાર્થ છે; તે સર્વથા અભૂતાર્થ નથી કારણ કે વ્યવહાર નયના વિષયોમાં ભેદ અને સંયોગનું અસ્તિત્વ છે. તેથી વિષયની દ્રષ્ટિથી વ્યવહારનય કથંચિત્ ભૂતાર્થ છે; પરંતુ ભેદ અને સંયોગોના આશ્રયથી આત્માનો અનુભવ ન થવાને કારણે વ્યવહારનય કથંચિત્ અભૂતાર્થ છે, વ્યવહારનયમાં વિષયની સત્તાનો અભાવ નથી તેથી વ્યવહાર નય કથંચિત્ ભૂતાર્થ છે અને નિશ્ચયની જેમ ઉપાદેય નથી તેથી કથંચિત્ અભૂતાર્થ છે અથવા વ્યવહારનયને કથંચિત્ ભૂતાર્થ, સત્યાર્થ એટલા માટે કહ્યો છે કે તે કોઈ - કોઈને અને કયારેક - કયારેક પ્રયોજનવાન હોય છે, અને કથંચિત્ અભૂતાર્થ, અસત્યાર્થ એટલા માટે કહ્યો છે કે તેના આશ્રયથી મુક્તિની પ્રાપ્તિ થતી નથી.

અહી ગૌણના અર્થમાં અસત્યાર્થ શબ્દનો પ્રયોગ કર્યો છે, અસત્યના અર્થમાં નહીં. જો કે વ્યવહારનય ભેદરૂપ કથન કરે છે અને ભેદદ્રષ્ટિમાં નિર્વિકલ્પતા હોતી નથી, તેથી પ્રયોજનવશ ભેદને ગૌણ કરી અસત્યાર્થ કહ્યું છે. જેમ કે, શાસ્ત્રોમાં પર્યાયને અભૂતાર્થ, અસત્યાર્થ કહી છે, - આ કારણે તે પર્યાયો છે જ નહીં, એમ નથી; પરંતુ નિશ્ચયની મુખ્યતાથી પર્યાયને ગૌણ કરી વ્યવહાર કહી છે, ત્યાંથી દ્રષ્ટિ હટાવવાનાં પ્રયોજનથી તેને અસત્યાર્થ, અભૂતાર્થ કહી છે.

<u>અભૂતાર્થ વ્યવહારનયનું પ્રતિપાદન શા માટે કર્યું ?</u>

<u>અથવા</u>

વ્યવહારનય ભૂતાર્થ શા માટે છે ?

- અહીં પ્રશ્ન થાય કે જો વ્યવહારનય અસત્યાર્થ છે, અભૂતાર્થ છે તો જિનવાણીમાં તેનું પ્રતિપાદન શા માટે કરવામાં આવ્યું છે ?

અનેકાતાત્મક વસ્તુના વિચાર અને વિવાદનો પરિહાર (સમાધાન) એક જ નયથી નથી થતો, માટે વસ્તુવિચારના સમયે અને કોઈ પણ વિષય પર વિવાદ કે સંદેહ ઉત્પન્ન થાય તો જે જ્ઞાન બંને નયોનો આશ્રય લઈને પ્રવર્તે છે, તેને પ્રમાણ માનવામાં આવે છે, માટે વ્યવહારનું પ્રતિપાદન આવશ્યક છે.

બીજું, તીર્થની સ્થાપના માટે પણ વ્યવહારનય આવશ્યક છે; કારણ કે નિશ્ચયનય અનિર્વચનીય છે અને ઉપદેશની પ્રક્રિયામાં વ્યવહારનય મુખ્ય હોય છે.

ત્રીજું પ્રારંભિક ભૂમિકામાં વ્યવહાર વિના નિશ્ચય સમજી શકાતું નથી અને તેનું પ્રતિપાદન પણ સંભવ નથી. જેવી રીતે મ્લેચ્છને મ્લેચ્છભાષા વિના સમજાવી શકાતું નથી, તેવી રીતે વ્યવહાર વિના નિશ્ચયનો ઉપદેશ અશક્ય છે. માટે વ્યવહાર, નિશ્ચયનો પ્રતિપાદક હોવાથી અભૂતાર્થ વ્યવહારનયનું પ્રતિપાદન કરવામાં આવ્યું છે.

ઉકત ત્રણ કારણોથી જ વ્યવહારનયને કથંચિત્ ભૂતાર્થ કહેવામાં આવ્યો છે.

નિશ્ચયનયનો પ્રતિપાદક વ્યવહારનય અભૂતાર્થ શા માટે છે ?

વ્યવહારનય સાક્ષાત્ પ્રયોજનભૂત ન હોવાથી અભૂતાર્થ છે; કારણકે વ્યવહારનયના વિષયભૂત સંયોગ અને સંયોગીભાવોનાં જ્ઞાનથી મુક્તિની પ્રાપ્તિ નથી થતી. માટે વ્યવહારનયના આશ્રયથી મુક્તિનું પ્રયોજન સિદ્ધ થવાને લીધે વ્યવહારનય અપ્રયોજનભૂત છે. અપ્રયોજનભૂત હોવાથી કથંચિત્ અભૂતાર્થ છે.

અભૂતાર્થ દ્વારા પ્રતિપાદિત નિશ્ચયનય ભૂતાર્થ શા માટે છે ?

નિશ્ચયનયના વિષયભૂત શુદ્ધાત્માના આશ્રયથી મુક્તિની પ્રાપ્તિ થાય છે. માટે સાક્ષાત્ પ્રયોજનભૂત હોવાથી નિશ્ચયનય ભૂતાર્થ છે.

વ્યવહારનયનો નિષેધ શા માટે કરવામાં આવ્યો છે ?

આપણે વ્યવહાર દ્વારા પ્રતિપાદિત વિષયોમાં જ અટકી જઈશું તો નિશ્ચયના વિષયભૂત અર્થની પ્રાપ્તિ નહીં થઈ શકે, શુદ્ધાત્માનો અનુભવ નહીં થઈ શકે; માટે

વ્યવહારાતીત થયા બાદ જ નિશ્ચયની પ્રાપ્તિ થાય છે. તેથી, નિશ્ચયની પ્રાપ્તિ માટે વ્યવહારનો નિષેધ પણ આવશ્યક છે.

બીજું, વ્યવહારનયનું ફળ સંસાર જ છે. તેથી, મુક્ત થવા માટે પણ વ્યવહારનયનો નિષેધ કરવામાં આવે છે.

### ❖ પ્રતિપાદ્ય - પ્રતિપાદક સંબંધ :-

નિશ્ચયના પ્રતિપાદન માટે વ્યવહારનો પ્રયોગ અપેક્ષિત છે. જો વ્યવહારનો પ્રયોગ નહીં કરીએ તો વસ્તુ સમજાશે નહીં. તેથી નિશ્ચય પ્રતિપાદ્ય છે અને વ્યવહાર પ્રતિપાદક. જેમ કે - વ્યવહારનું કામ ભેદ કરીને સમજાવવાનું અને સંયોગનું જ્ઞાન કરાવવાનું છે; તેથી તે અભેદ અખંડ વસ્તુમાં ભેદ કરીને સમજાવે છે, સંયોગનું જ્ઞાન કરાવે છે, પરંતુ ભેદ કરીને પણ અભેદ- અખંડને જ સમજાવે છે, સંયોગથી પણ અસંયોગીતત્વને જ સમજાવે છે. માટે વ્યવહારને નિશ્ચયનો પ્રતિપાદક કહેવામાં આવે છે. આ પ્રમાણે નિશ્ચય - વ્યવહારમાં પ્રતિપાદ્ય - પ્રતિપાદક સંબંધ છે.

### ❖ નિષેધ્ય - નિષેધક સંબંધ :-

નિશ્ચયનું કામ વ્યવહારનો નિષેધ કરવાનું છે. માટે વ્યવહારનય નિષેધ્ય છે અને નિશ્ચય નય નિષેધક. જેમ સાબુ લગાડયા વગર કપડાં સાફ ન થાય તેમ વ્યવહારનાં નિષેધ વગર નિશ્ચયનાં વિષયભૂત શુદ્ધાત્માની પ્રાપ્તિ નહીં થાય. જ્યારે વ્યવહાર દ્વારા નિશ્ચયના વિષયભૂત પરિપૂર્ણ પ્રતિપાદન કર્યા પછી નિશ્ચયની પ્રાપ્તિ થઈ જાય છે ત્યારે વ્યવહારાતીત થવા માટે વ્યવહારનો નિષેધ કરવામાં આવે છે. કારણ કે વ્યવહારને છોડયા વગર નિશ્ચયની પ્રાપ્તિ નહીં થાય. વ્યવહારની સાર્થકતા નિષેધમાં છે. આ પ્રમાણે વ્યવહાર - નિશ્ચયમાં નિષેધ્ય - નિષેધક સંબંધ છે.

### ❖ નિશ્ચય નય :-

વિભિન્ન શાસ્ત્રોમાં નિશ્ચય નય વિષે વિભિન્ન કથનો પ્રાપ્ત થાય છે. જે આ પ્રમાણે છે :-

1. જે અભેદ અને અનુપચારરૂપથી વસ્તુનો નિશ્ચય કરે છે તેને નિશ્ચયનય કહે છે.[1]

2. સાચા નિરૂપણને નિશ્ચય કહે છે.[2]

3. આત્મશ્રિત (સ્વાશ્રિત) કથનને નિશ્ચય કહે છે.[3]

4. જેનો વિષય અભિન્ન કર્તા-કર્માદિ છે. તે નિશ્ચય નય છે.[4]

5. એક જ દ્રવ્યના ભાવને તેજ રૂપે કહેવું નિશ્ચય નય છે, જેમ કે માટીના ઘડાને માટીનો કહેવો. -નિશ્ચય નયનું કથન છે.[5]

6. જે દ્રવ્યની જે પરિણતિ હોય, તેને તે જ દ્રવ્યની કહેવી નિશ્ચય નય છે.[6]

7. નિશ્ચય નય સ્વદ્રવ્યને, પરદ્રવ્યને તથા તેના ભાવને તથા કારણ- કાર્યાદિકને, કોઈને કોઈમાં મેળવતો નથી, તેનું યથાવત્ નિરૂપણ કરે છે.[7]

8. નિશ્ચયનય ભૂતાર્થ છે.[8]

---

1. (a) દ્રવ્યસ્વભાવ પ્રકાશક નયચક્ર ગાથા - 264
   (b) અભેદોનુપચારતયા વસ્તુ નિશ્ચયિતઇતિનિશ્ચય: । આલાપપદ્ધતિ ।
2. મોક્ષમાર્ગ પ્રકાશક - Pg. 248-249
3. સમયસાર ગાથા - 272 – આત્મખ્યાતિ ટીકા.
4. (a) તત્વાનુશાસન, આચાર્ય નાગસેન
   (b) અનાગાર ધર્મામૃત પં. આશાધરજી અધ્યાય–1 શ્લોક–102.
5. મોક્ષમાર્ગ પ્રકાશક - Pg. 249
6. મોક્ષમાર્ગ પ્રકાશક - Pg. 250.
7. મોક્ષમાર્ગ પ્રકાશક - Pg. 249
8. (a) સમયસાર, ગાથા-11 (બ) પુરુષાર્થ સિદ્ધિ ઉપાય, શ્લોક-5

ઉક્ત સમસ્ત કથનો પરથી આ પ્રમાણે નિષ્કર્ષ નીકળે છે કે :-

### ❖ વ્યાખ્યા :-

જે બે ભિન્ન-ભિન્ન વસ્તુઓમાં વ્યવહાર દ્વારા સ્થાપિત એકતાનું ખંડન કરે છે અને એક અખંડ વસ્તુમાં ભેદોનો નિષેધ કરી અખંડતાની સ્થાપના કરે છે, તેને નિશ્ચયનય કહે છે.

### ❖ કાર્ય :-

નિશ્ચયનું કાર્ય પરથી (ભેદ) ભિન્નત્વ અને નિજમાં (પોતાનામાં) (અભેદ) અભિન્નત્વ સ્થાપિત કરવાનું છે તથા કર્તા-કર્મના ભેદનો નિષેધ કરી અભિન્ન કર્તા-કર્માદિ ષટ્કારકની સ્થાપના કરવાનું પણ છે.

### ❖ કથન :-

નિશ્ચયનય જે દ્રવ્યનો જે ભાવ અથવા પરિણતિ હોય, તેને તે દ્રવ્યની કહે છે. પ્રત્યેક દ્રવ્યનું સ્વતંત્ર યથાવત્ કથન કરે છે. નિશ્ચય નયનું કથન સ્વાશ્રિત હોય છે.

## ❖ ભૂતાર્થતા :-

સ્વાશ્રિત હોવાથી નિશ્ચયનું કથન સત્યાર્થ છે. ભૂતાર્થ છે અથવા નિશ્ચયનયનો વિષય અભેદ-અખંડ આત્મા છે. તેના વિષયભૂત આત્માના આશ્રયથી સમ્યગ્દર્શનની પ્રાપ્તિ થાય છે, મુક્તિની પ્રાપ્તિ થાય છે, માટે આ નય ભૂતાર્થ છે.

## ❖ નિશ્ચયનય અને વ્યવહારનયમાં અંતર :-

| નિશ્ચયનય | વ્યવહારનય |
|---|---|
| 1. નિશ્ચયનય યથાર્થ નિરૂપણ કરે છે. | 1. વ્યવહારનય ઉપચરિત નિરૂપણ કરે છે. |
| 2. નિશ્ચયનય આત્માશ્રિત કથન કરે છે. | 2. વ્યવહારનય પરાશ્રિત કથન કરે છે. |
| 3. નિશ્ચયનય અસંયોગી કથન કરે છે. | 3. વ્યવહારનય સંયોગી કથન કરે છે. |
| 4. નિશ્ચયનય ભૂતાર્થ છે. | 4. વ્યવહારનય અભૂતાર્થ છે. |
| 5. નિશ્ચયનય જે દ્રવ્યની જે પરિણતિ અથવા ભાવ હોય, તેને તે દ્રવ્યની જ કહે છે. | 5.વ્યવહારનય નિમિત્તાદિની અપેક્ષાથી અન્ય દ્રવ્યના ભાવ કે પરિણતિને અન્ય દ્રવ્યની કહે છે. |
| 6. નિશ્ચયનય પ્રત્યેક દ્રવ્યનું સ્વતંત્ર કથન કરે છે. | 6.વ્યવહારનય અનેક દ્રવ્યોનું, તેમના ભાવોનું તથા કારણ-કાર્યાદિકને મેળવીને કથન કરે છે. |
| 7. નિશ્ચયનય એક અખંડ વસ્તુમાં ભેદોનો નિષેધ અખંડતાની સ્થાપના છે. | 7. વ્યવહારનય એક અખંડ વસ્તુમાં ભેદ કરે છે. |
| 8.નિશ્ચયનય બે ભિન્ન-ભિન્ન વસ્તુઓમાં સ્થાપિત એકતાનું ખંડન કરે છે. | 8. વ્યવહારનય પ્રયોજનવશ બે ભિન્ન-ભિન્ન વસ્તુઓમાં અભેદને સ્થાપે છે. |
| 9. નિશ્ચયનયનું કાર્ય સ્વથી અભેદ અને પરથી ભેદ કરવાનું છે. | 9. વ્યવહારનયનું કાર્ય સ્વમાં ભેદ અને પરથી અભેદ કરવાનું છે. |

| | |
|---|---|
| 10. નિશ્ચયનય પ્રતિપાદ્ય છે. | 10. વ્યવહારનય પ્રતિપાદક છે. |
| 11. નિશ્ચયનય નિષેધક છે. | 11. વ્યવહારનય નિષેધ્ય છે. |
| 12. નિશ્ચયનય અને વ્યવહારનયમાં પ્રતિપાદ્ય-પ્રતિપ્રાદક સંબંધ છે. | 12. વ્યવહારનય અને નિશ્ચયનયમાં નિષેધ્ય - નિષેધક સંબંધ છે. |
| 13. નિશ્ચયનયની પ્રાપ્તિ માટે વ્યવહાર-નયને છોડવો પડશે. | 13. વ્યવહારનય વિના નિશ્ચય સમજી નહીં શકાય. |
| 14. નિશ્ચયનયને સમજવા માટે પ્રાથમિક ભૂમિકામાં વ્યવહારનયને અપનાવવો પડશે. | 14. વ્યવહારનયને છોડ્યા વગર નિશ્ચય-નયની પ્રાપ્તિ નહીં થાય. |
| 15. નિશ્ચયનય વગર તત્વનો (શુધ્ધાત્માના અનુભવ)નો લોપ થઈ જશે. | 15. વ્યવહારનય વગર તીર્થ ઉપદેશ)નો લોપ થઈ જશે. |
| 16. અનુભવની પ્રક્રિયામાં નિશ્ચયનય મુખ્ય (પ્રધાન) છે. | 16. ઉપદેશની પ્રક્રિયામાં વ્યવહારનય મુખ્ય (પ્રધાન) છે. |
| 17.અનુભવનાં કાળમાં નિશ્ચયનયનાં વિકલ્પ છૂટી જાય છે, પરંતુ વિષયનો આશ્રય રહે છે. | 17.અનુભવનાં કાળમાં વ્યવહારનયના વિકલ્પ અને વિષયના આશ્રય પણ છૂટી જાય છે. |
| 18.નિશ્ચયનય અભિન્ન કર્તા-કર્મની સ્થાપના કરે છે. | 18. વ્યવહારનય ભિન્ન-ભિન્ન દ્રવ્યોની વચ્ચે કર્તા-કર્મ સંબંધ બતાવે છે. |

## ❖ નિશ્ચય - વ્યવહારનું વિરોધી રૂપ :-

ઉકત પ્રકારથી આપણે જોયું કે નિશ્ચય - વ્યવહારની વિષયવસ્તુ અને કથન-શૈલીમાં માત્ર ભેદ જ નહીં, પરંતુ વિરોધ જોવામાં આવે છે; કારણ કે જે વિષયવસ્તુને નિશ્ચય નય અભેદ-અખંડ કહે છે, વ્યવહાર તેમાં ભેદ બતાવે છે. અને જે બે વસ્તુઓને વ્યવહાર એક બતાવે છે, નિશ્ચયનય અનુસાર તે કદાપિ એક હોતી નથી. જેમ કે - વ્યવહારનય કહેશે કે જીવ અને દેહ એક જ છે ત્યારે નિશ્ચયનય કહેશે કે જીવ અને શરીર કદાપિ એક હોતા નથી.'

ઉક્ત ઉદાહરણોમાં વ્યવહારનય પરમાં એકત્વ સ્થાપિત કરે છે. અને નિશ્ચય નય તેનો સ્પષ્ટ અસ્વીકાર કરી પરમાં ભેદ કરે છે. અથવા જ્ઞાનીનાં (આત્મા) ચારિત્ર, દર્શન, જ્ઞાન- આ ત્રણે ભેદ વ્યવહારથી કહ્યા છે, નિશ્ચયથી જ્ઞાન પણ નથી, ચારિત્ર પણ નથી, દર્શન પણ નથી, જ્ઞાની તો એક શુદ્ધ જ્ઞાયક જ છે. આ ઉદાહરણમાં વ્યવહારનય સ્વમાં ભેદ કરે છે અને નિશ્ચયનય તેનો અસ્વીકાર કરી સ્વમાં અભેદની સ્થાપના કરે છે.

આ પ્રમાણે વ્યવહારનું કાર્ય નિજમાં ભેદ અને પરથી અભેદ કરીને સમજાવવાનું છે અને નિશ્ચયનું કાર્ય પરથી ભેદ અને સ્વથી અભેદ કરવાનું છે.

વ્યવહારનય બે દ્રવ્યોમાં કર્તા-કર્મનો ભેદ કરે છે અને તેમાં કર્તા-કર્મનો સંબંધ બતાવે છે. જ્યારે નિશ્ચય નય અભિન્ન ષટકારકની સાથે કર્તા-કર્મના ભેદનો નિષેધ કરે છે. આ જ એનું પરસ્પર વિરોધી રૂપ છે.

નિશ્ચયનય અને વ્યવહારનયના કથનોમાં જે પરસ્પર વિરોધ જોવામાં આવે છે, તે વિષયને અનુલક્ષીને છે કારણ કે અનેકાન્તાત્મક વસ્તુમાં જે પરસ્પર વિરોધી ધર્મયુગલ હોય છે, તેમાંથી એક ધર્મ નિશ્ચયનો અને બીજો ધર્મ વ્યવહારનો વિષય બને છે. તેથી નિશ્ચય-વ્યવહાર એકબીજાનો વિરોધ કરતાં દેખાય છે પણ વસ્તુત: તે એકબીજાના પૂરક છે.

---

1. સમયસાર ગાથા - 27

## ❖ શા માટે પરસ્પર વિરોધી બંને નયોનું કથન આવશ્યક છે ?

(હા, બંને નયો વગર વસ્તુનું સમગ્ર સ્વરૂપ સ્પષ્ટ નહીં થઈ શકે, કારણ કે વસ્તુમાં બે પરસ્પર વિરોધી ધર્મયુગલ જોવા મળે છે. તેમાંથી એક ધર્મનું કથન વ્યવહારનય અને બીજા ધર્મનું કથન નિશ્ચયનય કરે છે. જો બંને નયો એક જ પક્ષનું કથન કરવા લાગે તો બીજો પક્ષ ઉપેક્ષિત થઈ જશે. તેથી વસ્તુનાં સંપૂર્ણ પ્રકાશન અને પ્રતિપાદન માટે બંને નયો જરૂરી (આવશ્યક) છે. આ દ્રષ્ટિથી બંને નયો એકબીજાના પૂરક છે.)

## ❖ શું પરસ્પર વિરોધી બંને નયોનું ગ્રહણ કરવું સંભવ છે ?

હા, પરસ્પર વિરોધી બંને નયોનું ગ્રહણ કરવું સંભવ છે; પરંતુ તેને ગ્રહણ કરવાની રીત જુદી છે. જેમ કે - જિનવાણીમાં નિશ્ચયનયની મુખ્યતાથી કથન કરવામાં આવે ત્યાં 'સત્યાર્થ એમ જ છે.' એમ જાણવું તથા જ્યાં વ્યવહારનયની મુખ્યતાથી કથન કરવામાં

આવે ત્યાં 'આમ નથી,' નિમિત્તાદિની અપેક્ષાએ ઉપચાર કર્યો છે. - એમ જાણવું. આ પ્રકારથી જાણવાનું નામ બંને નયોનું ગ્રહણ છે.'

## ❖ શું બંને નયો સમાનરૂપથી ઉપાદેય છે ?

ના, બંને નયો સમાનરૂપથી ઉપાદેય નથી. વ્યવહારને નિશ્ચયની જેમ ઉપાદેય ન માની લેવાય તેથી તેની સાવચેતી રાખવા માટે જ વ્યવહારનયને અભૂતાર્થ - અસત્યાર્થ કહ્યો છે. વ્યવહારનય પોતાનાં પ્રયોજનની સિદ્ધિમાં સમર્થ હોવાથી નીચલી દશા માટે કાર્યકારી છે, વસ્તુનો નિશ્ચય કરવા માટે ઉપયોગી છે. તેથી કથંચિત્ સત્યાર્થ છે, ઉપાદેય છે; પરંતુ પ્રયોજનની સિદ્ધિ થઈ ગયા બાદ તેની કોઈ ઉપયોગિતા રહેતી નથી; તેથી કથંચિત્ અસત્યાર્થ પણ છે, હેય પણ છે.

વ્યવહારનયને અસત્યાર્થ કહેવાથી કોઈ વ્યવહારનયના વિષયની સત્તાનો પણ અભાવ ન માની લે - એ દ્રષ્ટિથી વ્યવહારનયને કથંચિત્ સત્યાર્થ પણ કહ્યો છે. નિશ્ચયનય ઉપાદેય છે, કારણ કે અનુભૂતિની પ્રક્રિયામાં નિશ્ચયનય મુખ્ય (પ્રધાન) હોય છે. તેના વિષયભૂત આત્માના આશ્રયથી મુક્તિની પ્રાપ્તિ થાય છે, માટે તેને ભૂતાર્થ, સત્યાર્થ કહ્યો છે.

---

1. મોક્ષમાર્ગ પ્રકાશક - Pg. 251

સંક્ષેપમાં કહીએ તો જેના આશ્રયથી મુક્તિ થાય, તે ભૂતાર્થ અને જેના આશ્રયથી મુક્તિ ન થાય તે અભૂતાર્થ છે.

અભૂતાર્થ હોવાના કારણે જ વ્યવહારનય નિષેધ્ય છે. વ્યવહારનયનો નિષેધ કર્યા બાદ નિશ્ચયનયનો પક્ષ (વિકલ્પ) પણ વિલય પામે છે; કારણ કે નયોનો પ્રયોગ વિકલ્પાત્મક ભૂમિકામાં તત્વોનો નિર્ણય કરવા માટે જ થાય છે, આત્મારાધનાનાં સમયે નહીં. અનુભવના કાળમાં તો નય સંબંધી બધાં વિકલ્પો વિલયને પ્રાપ્ત થાય.

આ પ્રમાણે આપણે એમ કહી શકીએ કે જ્યારે નયનાં વિકલ્પ ચાલુ હોય છે, ત્યારે આત્મા પરોક્ષ જ રહે છે, તે પ્રત્યક્ષાનુભૂતિનો વિષય બની શકતો નથી; કારણ કે પ્રત્યક્ષાનુભૂતિ નયાતીત હોય છે.

અહીં વિશેષ ધ્યાન આપવા બાબત એ છે કે જોકે, નિશ્ચયનયનાં તો માત્ર પક્ષ કે

વિકલ્પને છોડવાના છે; પણ તેના વિષયભૂત અર્થને ગ્રહણ કરવાનું છે; અને વ્યવહાર - નયનો માત્ર પક્ષ જ નહીં, વિષયભૂત અર્થ પણ છોડવા યોગ્ય છે. માટે બંને નયો સમાનરૂપથી ઉપાદેય નથી.

## વ્યવહારનય

### ❖ ભેદ - પ્રભેદ

વ્યવહારનય સામાન્ય - વિશેષાત્મક વસ્તુના વિશેષ અંશને વિષય બનાવે છે. વિશેષ અનેક પ્રકારનાં હોય છે. તેથી તેને વિષય બનાવવાવાળા વ્યવહારનય પણ અનેક પ્રકારનાં હોય છે. વ્યવહારનય 'એક અખંડ વસ્તુમાં ભેદ કરીને તથા બે ભિન્ન વસ્તુઓમાં અભેદ કરીને વસ્તુ સ્વરૂપને સ્પષ્ટ કરે છે.'-વ્યવહારનયની આ જ વિશેષતાને લક્ષમાં રાખીને તેના બે ભેદ કરવામાં આવ્યા છે.'

---


1. પરમભાવ પ્રકાશક નયચક્ર - Pg. 111 1. અસદ્દભૂત વ્યવહારનય 2. સદ્દભૂત વ્યવહારનય

અસદ્દભૂત અને સદ્દભૂત - બંને વ્યવહારનયનાં પણ બે - બે પ્રકાર છે.

1. ઉપચરિત અસદ્દભૂત વ્યવહારનય 2. અનુપચરિત અસદ્દભૂત વ્યવહારનય 3. ઉપચરિત સદ્દભૂત વ્યવહારનય 4. અનુપચરિત સદ્દભૂત વ્યવહારનય

આ પ્રમાણે વ્યવહારનય ચાર પ્રકારનાં થયા. આમાંથી ઉપચરિત સદ્દભુત વ્યવહારનયને અશુદ્ધ સદ્દભુત વ્યવહારનય અને અનુપચરિત સદ્દભુત વ્યવહારનયને ને શુદ્ધ સદ્દભુત વ્યવહારનય પણ કહેવામાં આવે છે.[1]

વ્યવહારનયનાં આ ચાર ભેદોને નીચે આપેલ ચાર્ટ દ્વારા સમજીએ.




ઉક્ત ભેદોમાં આપણે જોયું કે 'ઉપચાર' શબ્દનો પ્રયોગ અસદ્દભુત વ્યવહારનયની સાથે - સાથે સદ્દભુત વ્યવહારનયની સાથે પણ કરવામાં આવ્યો છે. આનાં આધારે

સદ્દભુત વ્યવહારનયના ઉપચરિત સદ્દભુત વ્યવહારનય અને અનુપચરિત સદ્દભુત વ્યવહારનય - એમ બે ભેદ કરવામાં આવ્યા છે. તેમ છતાં વાસ્તવિક ઉપચાર તો અસદ્દભુત વ્યવહારનયમાં જ થાય છે; કારણ કે દ્રવ્યમાં ગુણભેદાદિ ભેદ ઉપચરિત નહીં, પણ વાસ્તવિક છે.[2]

---

1. પરમભાવ પ્રકાશક નયચક્ર - Pg. 113.
2. પરમભાવ પ્રકાશક નયચક્ર - Pg. 143.

સદ્દભુત વ્યવહારનયનાં અનુપચરિત અને ઉપચરિત ભેદોનાં સ્થાન પર જે શુદ્ધ અને અશુદ્ધ નામ પ્રાપ્ત થાય છે, તે દ્વારા સદ્દભુત વ્યવહારનયને ઉપચરિત કહેવામાં સંભવિત સંકોચ સ્પષ્ટ થઈ જાય છે.

સદ્દભુત વ્યવહારનય ભેદનો ઉત્પાદક છે અને અસદ્દભુત વ્યવહારનયના ઉપચારનો ઉત્પાદક છે. ઉપચારમાં પણ ઉપચારનો ઉત્પાદક હોવાથી ઉપચરિત અસદ્દભુત વ્યવહારનય પણ અસદ્દભુત વ્યવહારનયનો જ એક ભેદ છે. જે અસદ્દભુત વ્યવહારનયમાં માત્ર ઉપચાર જ પ્રવર્તિત થાય છે; ઉપચારમાં પણ ઉપચાર નહીં, તે અસદ્દભુત વ્યવહારનયને ઉપચરિત અસદ્દભુત વ્યવહારનયથી પૃથક (ભિન્ન) બતાડવા માટે તેને અનુપચરિત અસદ્દભુત વ્યવહારનય પણ કહેવામાં આવે છે.

## ❖ ભેદ - પ્રભેદોની સાર્થકતા :-

વિશ્વની સંરચના અને સ્વચાલિત પૂર્ણ વ્યવસ્થિત-વ્યવસ્થા સમજાવવા માટે વ્યવહારનયનાં ઉપર કહેલાં ભેદ-પ્રભેદ સાર્થક છે, (જરૂરી) આવશ્યક પણ છે; કારણ કે વિશ્વ અનંતાનંત દ્રવ્યોનો સમૂહ છે. અનંતાનંત દ્રવ્ય તેનો વિભાગ છે. પ્રત્યેક વિભાગ અર્થાત્ પ્રત્યેક દ્રવ્ય સર્વપ્રભુતા સંપન્ન, પોતામાં પરિપૂર્ણ છે, અખંડ છે, પૂર્ણ સ્વતંત્ર છે.[1]

જેમ કે પ્રત્યેક દ્રવ્યમાં અનેક પ્રદેશ હોઈ શકે છે, પણ તેનાથી તે ખંડિત થતો નથી. તેમ પ્રત્યેક દ્રવ્યમાં અનંત શક્તિઓ હોય છે અને તેની અનંતાનંત અવસ્થાઓ પણ હોય છે, પણ આ શક્તિઓ અને અવસ્થાઓને લીધે દ્રવ્યની અખંડતા ખંડિત થતી નથી, પ્રભુતા પ્રભાવિત થતી નથી કારણ કે પ્રત્યેક દ્રવ્યની અખંડતા અને પ્રભુતા ત્યારે પ્રભાવિત થાય જ્યારે કોઈ અન્ય દ્રવ્ય તેની સીમામાં પ્રવેશ કરે અથવા તેની અવસ્થાઓમાં હસ્તક્ષેપ કરે, પરંતુ એવું તો થતું નથી; કારણ કે જેવી રીતે ઉપરનાં કથનમાં આવ્યું કે પ્રત્યેક દ્રવ્ય પોતાનામાં પરિપૂર્ણ, અખંડ,પૂર્ણ સ્વતંત્ર છે.[2]

પ્રત્યેક દ્રવ્ય પોતાની અખંડતા અને એકતા કાયમ રાખી સમજવા - સમજાવવા માટે ગુણ-ગુણી, પ્રદેશ – પ્રદેશવાન, પર્યાય – પર્યાયવાન આદિથી ભેદાય છે.[1] (ભેદ પાડીને સમજાવે છે.)

સમજવા - સમજાવવાની દ્રષ્ટિથી એક દ્રવ્યની મર્યાદાની અંદર કરવામાં આવેલા ગુણભેદાદિ ભેદ અતદ્દભાવરૂપ[2] હોય છે. અને બે દ્રવ્યો વચ્ચે જે વિભાજનરેખા હોય છે; તે અત્યંતભાવસ્વરૂપ હોય છે; કારણ કે તે બંને એકબીજાનાં સુખ-દુ:ખ, લાભ-હાનિ સાથે જોડાયેલાં હોતાં નથી. પરંતુ એક દ્રવ્યનાં પ્રદેશો, ગુણો અને પર્યાયોના સુખ-દુ:ખ, લાભ-હાનિ સાથે જોડાયેલાં હોય છે; તેથી જ દ્રવ્યની મર્યાદાની અંદર કરવામાં આવેલાં ભેદ વાસ્તવિક નથી; પણ છે અવશ્ય.[3]

સદ્દભુતવ્યવહારનય અખંડ એક દ્રવ્યમાં ભેદ કરી સમજવા-સમજાવવાનું કાર્ય કરે છે અને અસદ્દભુતવ્યવહારનય બે ભિન્ન દ્રવ્યો વચ્ચેનો સંબંધ બતાવવાનું કાર્ય કરે છે.

અખંડ દ્રવ્યમાં ભેદ શુદ્ધ ગુણ-ગુણી અથવા અશુદ્ધ ગુણ-ગુણીનાં આધારે કરવામાં આવે છે. શુદ્ધ ગુણ-ગુણીનો વિષય કરવાવાળા નયને શુદ્ધસદ્દભુત વ્યવહારનય કહેવામાં આવે છે. અશુદ્ધ ગુણ-ગુણીને વિષય કરવાવાળાં નયને અશુદ્ધ સદ્દભુત વ્યવહારનય કહેવામાં આવે છે.

બે દ્રવ્યોની વચ્ચે જે સંબંધ બતાવવામાં આવે છે, તે પણ બે પ્રકારનાં હોય છે - સંશ્લેષ સહિત અને સંશ્લેષ રહિત.[4]

સંશ્લેષ સહિત સંબંધને વિષય બનાવવાવાળો નય અનુપચરિત અસદ્દ્ભુત વ્યવહારનય છે. સંશ્લેષ રહિત સંબંધને વિષય બનાવાવાળો નય ઉપચરિત અસદ્દ્ભુત વ્યવહારનય છે.

આ પ્રમાણે વ્યવહારનય એક દ્રવ્યની આંતરિક સંરચનાને સમજાવવા માટે અભેદમાં ભેદ કરે છે, પરંતુ દ્રવ્યની આંતરિક વ્યવસ્થામાં જેટલું વજન અભેદને આપવામાં આવે છે એટલું વજન ભેદને આપવામાં આવતું નથી. માટે અભેદગ્રાહી નિશ્ચયનયને ભૂતાર્થ અને સત્યાર્થ કહીને ઉપાદેય કહેવામાં આવ્યા છે અને ભેદગ્રાહી વ્યવહારનયને અભૂતાર્થ અને અસત્યાર્થ કહીને હેય કહેવામાં આવ્યા છે.

---

1. પરમભાવ પ્રકાશક નયચક્ર - Pg. ૧૧૯ 2. પરમભાવ પ્રકાશક નયચક્ર - Pg. 119

3. સ્વરૂપ અપેક્ષાથી જે દ્રવ્ય છે, તે ગુણ નથી અને જે ગુણ છે, તે દ્રવ્ય નથી -આ અતદ્દભાવ છે. સર્વથા અભાવ અતદ્દભાવ નથી.

4. પરમભાવ પ્રકાશક નયચક્ર - Pg. 120 5. પરમભાવ પ્રકાશક નયચક્ર - Pg. 122

કારણ કે અભેદગ્રાહી નિશ્ચયનય દ્રવ્યની અખંડતાનું પોષક હોવાથી એકતાને મજબૂત કરે છે, અનેકતાનાં વિકલ્પોનું શમન કરે છે અને આત્માનુભૂતિની પ્રાપ્તિનું સાક્ષાત્ કારણ બને છે.[1]


સંક્ષેપમાં એમ કહી શકાય કે વિશ્વની વ્યવસ્થાને સમજવા - સમજાવવા માટે વ્યવહારનયનાં ભેદ-પ્રભેદ આવશ્યક છે, સાર્થક છે.

## ❖ ઉપનય :-

વ્યવહારનય ઉપનયથી ઉપજનિત (ઉત્પન્ન) થાય છે. સદ્ભુત વ્યવહારનય ભેદનો ઉત્પાદક હોવાથી, અસદ્ભુતવ્યવહારનય ઉપચારનો ઉત્પાદક હોવાથી અને ઉપચરિત અસદ્ભુત વ્યવહારનય ઉપચારમાં પણ ઉપચારનો ઉત્પાદક હોવાથી ઉપનયજનિત છે.[2]

એક રીતે તો વ્યવહારનય પણ ઉપનય છે; કારણ કે ઉપનયોના જે ભેદ કહેવામાં આવ્યાં છે, તે બધાં એક રીતે[3] વ્યવહારનયનાં જ ભેદ-પ્રભેદ છે.

નીચે આપેલ ચાર્ટ દ્વારા સમજીએ[3] :-




## ❖ પ્રયોજન :-

વ્યવહારમાં અટકવાથી, ભટકવાથી અને મુંઝવણથી બચવા માટે વ્યવહારનયનું સ્વરૂપ જાણવું જરૂરી છે, આ જ તેનું પ્રયોજન છે.

## ❖ હેયોપાદેયતા :-

વ્યવહારનય જ્ઞેયરૂપે ઉપાદેય છે તથા શ્રદ્ધેય અને ધ્યેયનાં રૂપમાં તો હેય જ છે અર્થાત્ વ્યવહારનય જાણવા માટે ઉપાદેય છે અને શ્રદ્ધાનો તથા ધ્યાનનો વિષય ન હોવાથી હેય છે.

---

1. પરમભાવ પ્રકાશક નયચક્ર - Pg. 133
2. પરમભાવ પ્રકાશક નયચક્ર - Pg. 154
3. પરમભાવ પ્રકાશક નયચક્ર - Pg. 156

## ❖ 1. અસદ્દભૂતવ્યવહાર નય :-

### ❖ સ્વરૂપ અને વિષય વસ્તુ :-

જે નય સંબંધોના આધારે ભિન્ન ભિન્ન દ્રવ્યોમાં અભેદોપચાર (અભેદ બતાવી) કરીને વસ્તુસ્વરૂપને સ્પષ્ટ કરે છે, તેને અસદ્દભુતવ્યવહારનય કહે છે.

આનો વિષય અસીમિત છે; કારણ કે આનો વિષય વિભિન્ન દ્રવ્યોની વચ્ચે વિભિન્ન સંબંધોના આધારે એકત્વનો ઉપચાર કરાવે છે. એક તો દ્રવ્ય અનંતાનંત છે અને તેમાં જેમનાં સંબંધોનાં આધારે એકત્વ અથવા કર્તૃત્વાદિનો ઉપચાર કરાવે છે તે સંબંધ પણ અનેક પ્રકારનાં હોય છે. જેમ કે તે સંબંધ એક જ જાતિના છે કે ભિન્ન - ભિન્ન જાતિનાં ? જે સંબંધ સ્થાપવામાં (બતાવવામાં) આવે છે, તે નિકટવર્તી (સંશ્લેષ સહિત) છે કે દૂરવર્તી (સંશ્લેષ રહિત) ? જ્ઞાતા જ્ઞેય છે કે સ્વસ્વામી ? એવાં ઘણાં પ્રકારે વિકલ્પો ઉભા થાય છે.[1]

આ બધી વાતોને લક્ષમાં રાખીને દ્રવ્ય, ગુણ, પર્યાયના આધારે આ ઉપચારોને નીચે પ્રમાણે નવ ભાગોમાં વિભાજિત કરવામાં આવ્યાં છે.[2]

એક દ્રવ્યમાં બીજાં દ્રવ્યનો ઉપચાર, એક પર્યાયમાં બીજી પર્યાયનો ઉપચાર, એક ગુણમાં બીજાં ગુણનો ઉપચાર, દ્રવ્યમાં ગુણનો ઉપચાર, દ્રવ્યમાં પર્યાયનો ઉપચાર, ગુણમાં દ્રવ્યનો ઉપચાર, ગુણમાં પર્યાયનો ઉપચાર, પર્યાયમાં દ્રવ્યનો ઉપચાર અને પર્યાયમાં ગુણનો ઉપચાર.[3]

સજાતિ, વિજાતિ અને ઉભયના (બંને) ભેદથી દ્રવ્યોનું વર્ગીકરણ પણ ત્રણ પ્રકારે કરવામાં આવે છે. ઉપરનાં ત્રણેય દ્રવ્યોમાં વિભિન્ન સંબંધોના આધારે ઉક્ત નવ પ્રકારનો ઉપચાર કરવો તે જ અસદ્દભુતવ્યવહાર નયનો વિષય છે.[4]

વસ્તુત: ભિન્ન દ્રવ્યોનું અભેદપણું વસ્તુગત નથી[1], પરંતુ આ નય સંબંધોના આધારે 'પર'થી એકત્વને જોડે છે. જેમ કે - શરીરને પોતાનું માનવું, માતા-પિતા, મકાનાદિને પોતાના કહેવા - આ મારા માતા-પિતા છે, આ મારું મકાન છે વગેરે... આ પ્રકારે

આત્માનું પરથી એકત્વ - એ અસદ્ભુતવ્યવહાર નયનો વિષય છે.

---

1. પરમભાવ પ્રકાશક નયચક્ર - Pg. 115

2. પરમભાવ પ્રકાશક નયચક્ર- Pg. 116

3. પરમભાવ પ્રકાશક નયચક્ર - Pg. 116

4. પરમભાવ પ્રકાશક નયચક્ર - Pg. 152

સંક્ષેપમાં કહીએ તો આ નય ભિન્ન-ભિન્ન વસ્તુઓમાં અભેદ વ્યવહાર કરી, બે દ્રવ્યો વચ્ચેનો સંબંધ બનાવે છે. આત્માની સાથે પરદ્રવ્યોનો સંબંધ બે પ્રકારે હોય છે. સંશ્લિષ્ટ સંબંધ અને અસંશ્લિષ્ટ સંબંધ.

જે બે પદાર્થો વચ્ચે સીધો સંબંધ જોવામાં આવે છે, તેને નિકટવર્તી અથવા સંશ્લિષ્ટ કહેવાય છે. સંશ્લિષ્ટ પદાર્થોમાં માત્ર ઉપચાર કરવાથી કામ થઈ જાય છે. જેમ કે - જ્ઞાન અને જ્ઞેય વચ્ચે સીધો સંબંધ હોવાથી જ્ઞાતા - જ્ઞેય સંબંધને સંશ્લિષ સંબંધ અથવા નિકટનો સંબંધ કહેવામાં આવે છે, પણ તેમાં અત્યધિક દૂરી જોઇ શકાય છે;[2] કારણ કે સર્વજ્ઞ ભગવાનનું જ્ઞેય તો અલોકાકાશ પણ છે.

જ્યારે બે પદાર્થ કોઈ ત્રીજા માધ્યમથી (indirect) સંબંધિત હોય છે, ત્યારે તેને દૂરવર્તી અથવા અસંશ્લિષ્ટ સંબંધ કહેવામાં આવે છે. આ અસંશ્લિષ્ટ સંયોગી પદાર્થોમાં - ઉપચારમાં પણ ઉપચાર કરવાનો હોય છે. જેમ કે - સ્ત્રી - પુત્રાદિ અને મકાનાદિની સાથે જે આત્માનો સંબંધ છે, તે શરીરના માધ્યમથી થાય છે, તેથી તે ઉપચારમાં ઉપચાર છે.[3]

આ પ્રમાણે આ નય આત્માના પરપદાર્થો સાથે કેવા સંબંધ છે ? - તે બતાવે છે. પ્રથમાનુયોગના બધાં કથનો આ નયનાં અંર્તગતમાં આવશે. જેમ કે - તીર્થંકર આદિનાથની પત્નીનો ઉલ્લેખ, તેમની કાયા પાંચસો ધનુષની હતી, વગેરે કથનો આ નયનો વિષય છે.

## ❖ નામની સાર્થકતા :-

બે દ્રવ્યો ક્યારેય પણ એક (અપૃથક) થઈ શકતાં નથી. સંયોગોની દ્રષ્ટિએ તેમની વચ્ચે જે એકતા (અપૃથકતા) કહેવામાં આવે છે, તે યથાર્થ નથી, પણ ઉપચારથી કહેવામાં આવે છે. તેથી ભિન્ન - ભિન્ન વસ્તુઓમાં એકતારૂપ અસત્ય ઉપચાર કરવાનાં

કારણે આ નય 'અસદ્દભુત' કહેવાય છે. ભિન્ન દ્રવ્યો વચ્ચે સંબંધ બતાવવાનાં (જોડવાનાં) કારણે 'વ્યવહાર' છે અને અંશનું કથન કરવાના કારણે 'નય' છે. આ પ્રમાણે આ નયનું ' અસદ્દભુત વ્યવહારનય' નામ સાર્થક છે.[4]

---

2. અહીં વિશેષ ધ્યાન આપવા બાબત એ છે કે - એકક્ષેત્રાવગાહી સંબંધ સંશ્લિષ્ટ સંબંધનો પર્યાયવાચી નથી. અહીં એકક્ષેત્રાવગાહસંબંધ ન હોવા છતાં પણ સંશ્લિષ્ટ સંબંધ છે.

3. પરમભાવ પ્રકાશક નયચક્ર - Pg. 153

4. પરમભાવ પ્રકાશક નયચક્ર - Pg. 115

## ❖ પ્રયોજન :-

બે ભિન્ન દ્રવ્યોની વચ્ચે સંબંધ બતાવવાવાળો આ નય દુનિયાની માન્યતાનું પ્રતિનિધિત્વ કરવાવાળો છે. આ નય વ્યવહારનાં લૌકિક વચનો માટે ઉપયોગી છે. જેમ કે - સ્વઘર – પરઘર, સ્વસ્ત્રી - પરસ્ત્રીનો ભેદ માત્ર લૌકિક જ નહીં પણ તેમાં ધાર્મિક આધાર પણ છે અને નૈતિક આધાર પણ છે. તેથી ધાર્મિક અને નૈતિક જીવન માટે પણ પરપદાર્થોનાં પોતાના-પારકાંમાં ભેદ કરવો તે આ નયનું પ્રયોજન છે. તેની સાથે આત્માનો પરપદાર્થો સાથે કેવા પ્રકારનો સંબંધ હોઈ શકે છે ? તે બતાવીને ભેદવિજ્ઞાનની સિદ્ધિનો માર્ગ પ્રશસ્ત કરવો એ પણ આ નયનું પ્રયોજન છે.[1]

## ❖ હેયોપાદેયતા :-

આ નયનો વિષય જાણવા માટે અને વ્યવહારમાં લૌકિક વચનો માટે ઉપયોગી હોવાથી ઉપાદેય છે, પરંતુ ઉપચારના આધારે આત્માની વિભક્તતાને ખંડિત કરવા માટે હેય છે. અર્થાત આત્માનું પરમાં એકત્વ સ્થાપિત કરવાનાં કારણે હેય છે કારણ કે પરમાં એકત્વ કરવું એ દુ:ખનું કારણ છે.

### ❖ ભેદ :-

સંબંધોની નિકટતા અને દૂરીના આધારે આ નય બે પ્રકારનાં હોય છે :-

## ❖ (1) ઉપચરિત અસદ્દભુતવ્યવહારનય

## ❖ સ્વરૂપ અને વિષયવસ્તુ :-

જે નય ભિન્ન વસ્તુઓમાં સંશ્લેષ રહિત સંબંધને વિષય બનાવે છે, તેને ઉપચરિત અસદ્દભુતવ્યવહારનય કહેવાય છે.[1] જેમ કે કુંભાર ઘડો બનાવે છે.

આ નય ઉપચારમાં પણ ઉપચાર કરે છે.[2] આ નય શરીરાદિની અપેક્ષાએ જે દૂરવર્તી

છે - એવા ઘરમકાનાદિનાં સંયોગોને પોતાનો વિષય બનાવે છે અથવા જેમનો સંબંધ દૂરનો હોય છે અર્થાત જે સંબંધીના સંબંધી હોવાથી પરસ્પર સંબંધિત હોય છે, તેમને આ નય પોતાનો વિષય બનાવે છે. જેમ કે - શરીરનો આત્મા સાથે સીધો સંબંધ છે, પરંતુ માતા-પિતા, સ્ત્રી-પુત્રાદિ, મકાન વગેરે શરીરથી સંબંધિત છે. માટે તેઓ આ નયનો વિષય બને છે, માટે આ બધાં કથનો ઉપચારમાં ઉપચાર કરે છે.

---

1. પરમભાવ પ્રકાશક નયચક્ર - Pg. 147

1. ઉપચરિત અસદ્દભુતવ્યવહારનય 2. અનુપચરિત અસદ્દભુતવ્યવહારનય.

1. સંશ્લેષરહિત વસ્તુઓના સંબંધને વિષય કરવાવાળો ઉપચરિત અસદ્દભુત-વ્યવહારનય છે. જેમ કે- દેવદત્તનું ધન છે.' આલાપ પધ્ધતિ Pg. 228

2. 'અસદ્દભુત વ્યવહાર જ ઉપચાર છે અને ઉપચારમાં પણ જે ઉપચાર કરે છે, તે ઉપચરિત અસદ્દભુતવ્યવહારનય છે.'- આલાપ પધ્ધતિ Pg. 227

આ નય ઉપચારમાં ઉપચાર સત્ય, અસત્ય અને સત્યાસત્ય પદાર્થોમાં તથા સજાતીય, વિજાતીય અને સ્વજાતીય વિજાતીય (મિશ્ર) પદાર્થોમાં કરવામાં આવે છે. જેમ કે દેશનો સ્વામી (રાજા) કહે છે કે - 'આ દેશ મારો છે.' - આ સત્ય ઉપચરિત અસદ્દભુતવ્યવહારનય છે. દેશમાં સ્થિત વ્યક્તિ કહે છે કે 'દેશ મારો છે.' - આ અસત્ય ઉપચરિત અસદ્દભુતવ્યવહારનય છે. અને વેપાર કરતો વેપારી કહે છે કે - 'આ ધન મારું છે.' - આ સત્યાસત્ય ઉપચરિત અસદ્દભુતવ્યવહારનય છે.[3]

માતા-પિતા, સ્ત્રી-પુત્રાદિ, મકાનાદિ અને નગરાદિને પોતાનાં કહેવાનો વ્યવહાર આ નયનાં આધારે છે, માટે લૌકિક મર્યાદાઓ જેમ કે સ્વસ્ત્રી - પરસ્ત્રી, સ્વઘર-પરઘર, સ્વદેશ-પરદેશ, જિનમંદિર- શિવમંદિર વગેરે ભેદનાં કથનો - આ નયનાં કથનો છે.

આ કથનોના આધારે આપણે કહી શકીએ કે - આ મકાન દેવદત્તનું છે, કુંભારે ઘડો બનાવ્યો છે. અજ્ઞાની પંચેન્દ્રિયોનાં વિષયોને ભોગવે છે.[1] જ્ઞાની મુનિરાજ તેમનો ત્યાગ કરે છે.[2] તીર્થંકર ભગવાન સમવશરણમાં બિરાજમાન છે - વગેરે તીર્થંકરોની બાહ્યવિભૂતિનાં બધાં કથનો આ નયનાં કથનો છે. તીર્થંકરોનાં માતા-પિતા, સ્ત્રી-પુત્રાદિને કહેવાનો વ્યવહાર પણ આ નયથી થાય છે.

ઉપર્યુક્ત બધાં કથનોનો પણ આધાર છે. આ કથનો સર્વથા અસત્ય નથી. લૌકિક દ્રષ્ટિથી દેવદત્ત મકાનનો માલિક છે જ અને કુંભાર યોગ અને ઉપયોગથી ઘડો બનાવવામાં નિમિત્ત થયો છે જ. ભગવાનના સમવશરણમાં બિરાજમાન થવાની વાત તો ધાર્મિક જગતમાં પણ માન્ય છે જ, કારણ કે ત્યાં તેમની ઉપસ્થિતિ હોય છે. આ પ્રમાણે બીજાં બધાં કથનો પણ પ્રથમાનુયોગમાં અને લૌકિક વ્યવહારમાં પ્રચલિત જ છે.

## ❖ કર્તા - ભોક્તા :-

આ નયથી આત્મા પુણ્ય-પાપનાં ઉદયમાં મળવાવાળાં સંયોગોનો કર્તા-ભોકતા છે. અથવા તો જીવ પંચેન્દ્રિયોના ઈષ્ટ-અનિષ્ટ વિષયોથી ઉત્પન્ન થવાવાળા સુખ -દુ:ખનો ભોક્તા છે.[3] જેમ કે જીવ ઘટ, પટ, રથ વગેરેનો કર્તા છે.[4]

-----------------------------------------------------------------------------------------------

3. પરમભાવ પ્રકાશક નયચક્ર - Pg. 147

1. બૃહદદ્રવ્યસંગ્રહ, ગાથા 9 ની સંસ્કૃત વ્યાખ્યા

2. બૃહદદ્રવ્યસંગ્રહ, ગાથા ૪૫ની સંસ્કૃત વ્યાખ્યા

3. બૃહદદ્રવ્યસંગ્રહ, ગાથા 9 ની સંસ્કૃત વ્યાખ્યા

4. નિયમસાર ગાથા 18 ની તાત્પર્યવૃત્તિ ટીકા.

## ❖ નામની સાર્થકતા :-

બે દ્રવ્યોની એકતા ખરેખર ન હોવાથી ઉપચાર કરવામાં આવે છે; માટે 'અસદ્દભુત' છે. ઉપચારમાં ઉપચાર કરવાને લીધે 'ઉપચરિત' છે અને ભિન્ન દ્રવ્યોમાં સંબંધ જોડવાને લીધે 'વ્યવહાર' છે તથા અંશનું કથન કરવાના કારણે 'નય' છે તેથી તેનું ઉપચરિત અસદભુત વ્યવહાર નય નામ સાર્થક છે.

## ❖ પ્રયોજન :-

સ્વધન – પરધન, સ્વસ્ત્રી - પરસ્ત્રીમાં ભેદ કરવાવાળો આ નય મનુષ્યને પ્રાણી (પશુ) નથી બનવા દેતો. પરપદાર્થોમાં પોતાનાં - પારકાંનાં ભેદ કરવાવાળા આ નય વગર ધાર્મિક કે નૈતિક જીવન શકય નથી. ધાર્મિક કે નૈતિક જીવન વગર અધ્યાત્મની સાધના શક્ય નથી. તેથી લૌકિક મર્યાદાઓ બનાવીને સદાચાર તેમ જ ભેદવિજ્ઞાનની સિદ્ધિ કરાવવાનું આ નયનું પ્રયોજન છે.

## ❖ હેયોપાદેયતા :-

સદાચારની સીમા (મર્યાદા)નો પ્રતિપાદક હોવાથી આ નય કથંચિત્ ઉપાદેય છે તથા પરપદાર્થોમાં થવાવાળી એકત્વબુદ્ધિ -મમત્વબુદ્ધિ દુ:ખ આપવાવાળી હોવાથી આ નય કથંચિત્ હેય છે.

## ❖ (1) અનુપચરિત અસદભુતવ્યવહારનય

## ❖ સ્વરૂપ અને વિષયવસ્તુ :-

જે નય ભિન્ન વસ્તુઓમાં સંશ્લેષ સહિત સંબંધને વિષય બનાવે છે, તેને અનુપચરિત અસદ્દભુતવ્યવહારનય કહે છે. - જેમ કે- જીવને શરીર છે.'

સંયોગી પરપદાર્થોમાં જે અત્યંત નિકટ છે અર્થાત જેનો આત્માની સાથે સંશ્લિષ્ટ સંબંધ છે, સીધો સંબંધ છે, એક્ક્ષેત્રાવગાહ સંબંધ છે.[2] – એવા શરીરાદિનો સંયોગ આ નયનો વિષય આ બને છે. આ નય શરીરને જ પોતાનું કહેવાવાળો છે, આત્માને શરીરથી અભિન્ન કહેવાવાળો છે.[3] કારણ કે શરીરનો આત્માની સાથે સીધો સંબંધ છે, નિકટનો સંબંધ છે,

એકક્ષેત્રાવગાહી સંબંધ છે, સંશ્લિષ્ટ સંબંધ છે, તેથી શરીરને આત્મા કહેવો, શરીર અને આત્માને એક કહેવું તથા શરીરમાં એકત્વ-મમત્વ સ્થાપિત કરવું, આ નયનો વિષય છે.

---

1. બૃહદ્રવ્યસંગ્રહ, ગાથા 9 ની સંસ્કૃત વ્યાખ્યા
1. બૃહદ્રવ્યસંગ્રહ, ગાથા 45 ની સંસ્કૃત વ્યાખ્યા
3. બૃહદ્રવ્યસંગ્રહ, ગાથા 9 ની સંસ્કૃત વ્યાખ્યા
4. નિયમસાર ગાથા 18 ની તાત્પર્યવૃત્તિ ટીકા

1. આલાપપદ્ધતિ - Pg. 228

2. અહી ધ્યાન આપવા બાબત એ છે કે-માત્ર એકક્ષેત્રાવગાહી સંબંધ જ સંશ્લિષ્ટ સંબંધ નથી હોતો પરંતુ સીધો સંબંધ સંશ્લિષ્ટ સંબંધ હોય છે. જેમ કે- જ્ઞાન-જ્ઞેયની વચ્ચે એકક્ષેત્રવગાહી સંબંધ ન હોવા છતાં પણ સંશ્લિષ્ટ સંબંધ છે.

3. પરમાત્મપ્રકાશ, અધ્યાય-1, ગાથા 14 ની સંસ્કૃત ટીકા.

દશપ્રાણોથી જીવે તે જીવ,[1] શરીરવાળો જીવ, મૂર્તિક જીવ, દ્રવ્યકર્મો તથા શરીરાદિ નોકર્મોનો કર્તા જીવ - આ બધાં કથનો આ નયનાં છે. તીર્થંકર આદિનાથની કંચનવર્ણી કાયા પાંચસો ધનુષની હતી વગેરે શરીરનાં ગુણોના આધાર પર કરવાવાળી સ્તુતિ તેમ જ તેઓ સર્વજ્ઞ[2] હતાં, વગેરે કથનો આ નયનાં છે. ત્રસ - સ્થાવર જીવોને મારવાથી થતી હિંસા અને તેના ત્યાગરૂપે અહિંસાણુવ્રત, મહાવ્રત પણ આ નયનાં કથનો છે; કારણ કે આમાં માત્ર ઉપચાર કરવામાં આવેલો છે.

આ ઉપચાર નવ પ્રકારથી કરવામાં આવ્યો છે. - દ્રવ્યમાં દ્રવ્યનું, ગુણમાં ગુણનું, પર્યાયમાં પર્યાયનું, દ્રવ્યમાં ગુણ અને પર્યાયનું, ગુણમાં દ્રવ્ય અને પર્યાયનો પર્યાયમાં દ્રવ્ય અને ગુણનો - જેમ કે - પૌદ્દગલિક કાયામાં જે એકેન્દ્રિયાદિ શરીર બને છે, તેને જે જીવ કહે છે, તે વિજાતીય દ્રવ્યમાં વિજાતીય દ્રવ્યનું આરોપણ કરવાવાળો નય અનુપચારિત અસદ્દભુતવ્યવહારનય છે.[3]

રાત્રિભોજન ન કરવું, માંસ-મદિરાનું સેવન ન કરવું, કંદમૂળ ન ખાવું, કારણ કે

આમાં અનંતજીવો હોય છે- આ ખાવાથી અનંત જીવો મૃત્યુ પામશે- આ બધા કથનો આ નયનાં છે.

ત્રસ- સ્થાવરજીવોની હિંસાના ત્યાગરૂપ અણુવ્રતાદિ ગૃહસ્થ ધર્મ તથા મહાવ્રતાદિ મુનિધર્મનો પ્રતિપાદક ચરણાનુયોગનો મૂળ આધાર આ નય જ છે.

❖ કર્તા - ભોક્તા :-

આ નયથી જ જીવ દ્રવ્યકર્મોનો કર્તા અને તેના ફળસ્વરૂપ સુખ-દુ:ખનો ભોક્તા છે.[4] મનુષ્યાદિ પર્યાયનો કર્તા-ભોક્તા પણ આ નયથી જ કહેવામાં આવે છે.

❖ નામની સાર્થકતા :-

શરીરાદિ સંશ્લિષ્ટ સંબંધવાળા પરપદાર્થોમાં એકતા આરોપિત કરવાના કારણે 'અસદ્દભૂત' છે, માત્ર ઉપચાર કરવાના કારણે 'અનુપચરિત' છે, ભિન્ન દ્રવ્યોમાં એકત્વ-મમત્વનો સંબંધ જોડવાના કારણે 'વ્યવહાર' છે અને અંશનું કથન કરવાના કારણે 'નય' છે. તેથી આનું ઉપચરિત અસદ્દભુતવ્યવહારનય નામ સાર્થક છે.

---

1. પંચસ્તિકાય સંગ્રહ - ગાથા 27 ની તાત્પર્યવૃતિ ટીકા.

2. જ્ઞાન અને જ્ઞેયમાં સીધો સંબંધ હોવાથી 'તીર્થંકર સર્વજ્ઞ હોય છે.' વગેરે કથનો આ નયનાં અંતર્ગત આવે છે.

3. પરમભાવ પ્રકાશક નયચક્ર - Pg. 152 4. નિયમસાર ગાથા 18 ની તાત્પર્યવૃત્તિ ટીકા.

❖ પ્રયોજન :-

અહિંસાત્મક આચરણ અને ભેદવિજ્ઞાનની સિધ્ધિ કરવી-તે આ નયનું પ્રયોજન છે.

❖ હેયોપાદેયતા :-

આ નય અહિંસાત્મક આચરણનું પ્રતિપાદન કરવાવાળો છે તેથી કથંચિત્ ઉપાદેય છે તથા શરીરમાં થવાવાળી અહંબુદ્ધિ, મમત્વબુધ્ધિ, કર્તાબુધ્ધિ અને ભોક્તાબુદ્ધિ જ દુ:ખોનું કારણ છે, તેથી આ નય કથંચિત્ હેય છે.

## ❖ (2) સદભુતવ્યવહારનય

❖ સ્વરૂપ અને વિષયવસ્તુ :-

જે ગુણો, કર્મો, સ્વભાવ અને પર્યાયોના આધારે ભેદ કરીને અખંડ વસ્તુસ્વરૂપને

સ્પષ્ટ કરે છે, તેને સદ્દભૂતવ્યવહારનય કહેવાય છે. આ નય પોતાનાં દ્રવ્ય-ગુણ-પર્યાયની અંદરની વાત કરે છે.[1] ગુણ-ગુણીમાં, પર્યાય-પર્યાયીમાં, સ્વભાવ-સ્વભાવવાનમાં અને કારક-કારકવાનમાં- વસ્તુત: જે અભિન્ન છે, તેમાં ભેદ કરવો તે સદ્દભુતવ્યવહારનયનો વિષય છે.[2] આ પ્રકારે આ નય એક અખંડ વસ્તુમાં ભેદ કરીને, એક ને અનેકરૂપે બતાવે છે, અભિન્ન વસ્તુમાં ભેદવ્યવહાર કરવાવાળો છે, પોતાનામાં જ ભેદ કરવાવાળો છે. જેમકે- જીવને જ્ઞાનદર્શનવાળો કહેવો. વસ્તુ: જ્ઞાન-દર્શન તો જીવથી અભિન્ન જ છે, પરંતુ આ નય તેમાં ભેદ કરે છે. તેથી આ નય ભેદનો ઉત્પાદક છે.

વસ્તુસ્વરૂપથી જોવામાં આવે તો, વસ્તુમાં તો ભેદ છે જ નહીં, તેમાં ભેદ કરી પણ ન શકાય; પરંતુ ભેદ કરીને જાણી શકાય છે, સમજી શકાય છે; તેથી આ નય પોતાનામાં ભેદ તરીકે સમજાવે છે.

એક દ્રવ્યની મર્યાદાની અંદર કરવામાં આવેલા ગુણભેદાદિ બે દ્રવ્યોની વચ્ચે હોવાવાળા ભેદની સમાન અભાવરૂપ ન હોવાથી અતદ્દભાવરૂપ હોય છે. અતદ્દભાવ સર્વથા અભાવરૂપ હોતો નથી. સ્વરૂપ અપેક્ષાથી જે દ્રવ્ય છે તે ગુણ નથી અને જે ગુણ છે તે દ્રવ્ય નથી - આ અતદ્દભાવ છે. અથવા આ અતદ્દભાવ અન્યત્વ છે. એક દ્રવ્યની મર્યાદાની અંદર ગુણનો ગુણીમાં અભાવ અથવા ગુણીનો ગુણમાં અભાવ અથવા એક ગુણનો બીજા ગુણમાં અભાવ, ઇત્યાદિરૂપ જે અભાવ હોય છે, તેને અન્યત્વ કહે છે; અથવા અન્ય - અન્ય હોવું અન્યત્વ છે. પણ એક દ્રવ્યના બે ગુણ કે ગુણ - ગુણી આદિ અન્ય – અન્ય હોય છે, કારણ કે એકદ્રવ્યરૂપ હોવાથી તેઓ તો અપૃથક જ છે, પૃથક - પૃથક નહીં.[1] જેમ કે વસ્ત્ર અને શુભ્રતામાં (સફેદી) અન્યત્વ છે, કારણ કે તેમનાં પ્રદેશ ભિન્ન -ભિન્ન નથી.

સંક્ષેપમાં કહી એ તો સદ્દભુતવ્યવહારનય અતદ્દભાવના આધાર પર દ્રવ્યની એકતાને ખંડિત કરીને પોતાનામાં જ અન્યત્વને વિષય બનાવે છે.

### ❖ નામની સાર્થકતા :-

વસ્તુના ગુણ પર્યાય તે વસ્તુમાં જ વિદ્યમાન હોવાના કારણે 'સદ્દભુત' કહેવાય છે, અખંડ વસ્તુમાં ગુણ - પર્યાયાદિના આધારે ભેદ ઉત્પન્ન કરવાના કારણે તેને 'વ્યવહાર' કહેવાય છે અને ભેદાભેદ વસ્તુના ભેદાંશને ગ્રહણ કરવાવાળો હોવાથી 'નય' કહેવાય છે, તેથી આનું સદ્દભુતવ્યવહારનય નામ સાર્થક છે.

## ❖ પ્રયોજન :-

આ નય અખંડ દ્રવ્યની અંદર દ્રવ્યમાં ભેદ કરીને સમજવા - સમજાવવાનું કાર્ય કરે છે તથા ભેદ અને વિકારોનું પણ જ્ઞાન કરાવે છે.

## ❖ હેયોપાદેયતા :-

સમજવા - સમજાવવા માટે ઉપયોગી હોવાના કારણે ઉપાદેય છે અને દ્રવ્યની એકતાની ખંડિત કરવાના કારણે હેય છે.

## ❖ ભેદ:-

શુદ્ધતા અને અશુદ્ધતાને વિષય બનાવવાના આધારે આ નય પણ બે પ્રકારનાં હોય છે.

(i) ઉપચરિત :- સદ્દભુતવ્યવહારનય (અશુદ્ધ સદ્દભુતવ્યવહારનય)

(ii) અનુપચરિત :- સદ્દભુતવ્યવહારનય (શુદ્ધ સદ્દભુતવ્યવહારનય)

## ❖ (i) ઉપચરિત સદ્દભુતવ્યવહારનય

## ❖ સ્વરૂપ અને વિષયવસ્તુ :-

અખંડ દ્રવ્યમાં અશુદ્ધ ગુણ – ગુણી, પર્યાય - પર્યાયીના આધારે ભેદને વિષય બનાવવાળાં નયને અને ઉપચરિત સદ્દભુતવ્યવહારનય કહે છે.[1] અથવા સોપાધિ ગુણ-ગુણીમાં ભેદને વિષય કરવાવાળા નયને ઉપચરિત સદ્દભુતવ્યવહારનય કહે છે.[2] જેમ કે - જીવના મતિજ્ઞાનાદિ ગુણમતિજ્ઞાનાદિ વિભાવ ગુણોનો આધાર હોવાને લીધે અશુધ્ધ જીવ કહેવામાં આવે છે.[3]

આ નય અલ્પવિકસિત અને વિકારી પર્યાયોને આત્માની કહે છે, માટે અશુદ્ધ ગુણોનો આધારભૂત હોવાથી તેને અશુદ્ધ સદ્દભુતવ્યવહારનય[4] પણ કહે છે. જેમ કે - હું રાગદ્વેષવાળો છું.

સંક્ષેપમાં કહી શકાય કે આ નય આપણી અંદર વર્તમાનમાં રહેલા રાગાદિ વિકારો અને મતિજ્ઞાનાદિ અપૂર્ણ પર્યાયોનું જ્ઞાન કરાવે છે. આ પ્રકારે આ નય એક દ્રવ્યમાં ભેદ કરે છે, પોતામાં ભેદ કરે છે.

## ❖ કર્તા-ભોક્તાપણું :-

આત્મા મોહ-રાગ-દ્વેષાદિ વિકારી ભાવોનો કર્તા છે અને તેના ફળનો ભોક્તા છે. ભોક્તાપણું - આત્મા મોહ-રાગ-દ્વેષાદિ વિકારી ભાવોનો કર્તા તથા તેના ફળનો ભોક્તા છે.

## ❖ નામની સાર્થકતા :-

મોહ-રાગ-દ્વેષાદિ ભાવ આપણાં આત્મામાં જ ઉત્પન્ન થવાનાં કારણે 'સદ્દભુત' છે તથા આત્માને દુ:ખ આપવાવાળાં છે, દૂરનાં છે, અવિકસિત અને વિકારી પર્યાયો છે, તેથી 'ઉપચરિત' છે. દુનિયામાં તેને આપણા કહેવામાં આવે છે, તેથી 'વ્યવહાર' છે. અંશનું કથન કરવાના કારણે 'નય' છે. તેથી આનું ઉપચરિત સદ્દભુતવ્યવહારનય નામ સાર્થક છે.

## ❖ પ્રયોજન :-

વર્તમાન પર્યાયની પામરતાનું જ્ઞાન કરાવીને તેનાથી મુક્ત થવાની પ્રેરણા આપવાનું કામ - આ નયનું પ્રયોજન છે.

## ❖ હેયોપદેયતા :-

આપણી ભૂલોનું પ્રતિપાદન કરવાવાળો આ નય આપણને શીખવે છે કે આપણે આપણી ભૂલોનો સ્વીકાર કરી તેની પુનરાવૃત્તિ ન કરીએ તથા આ નય વર્તમાન

---

1. આલાપ પધ્ધતિ - Pg. 217 2. આલાપ પધ્ધતિ - Pg. 228

3. (a) નિયમસાર, ગાથા-9 ની તાત્પર્યવૃત્તિ ટીકા. (b) પ્રવચનસાર, જયસેનાચાર્ય કૃત તાત્પર્યવૃત્તિ - પરિશિષ્ટ.

4. છદ્મસ્થ જીવની અપરિપૂર્ણ જ્ઞાન-દર્શનની અપેક્ષાથી 'અશુદ્ધસદ્દભુત' શબ્દનું વાચ્ય ઉપચરિત સદ્દભુતવ્યવહારનય છે. બૃહદદ્રવ્ય સંગ્રહ, ગાથા-6 ની સંસ્કૃત વ્યાખ્યા.

પર્યાયની પામરતાનું જ્ઞાન કરાવીને તેનાથી મુક્ત થવાની પ્રેરણા પણ આપે છે; તેથી આ નય કથંચિત્ ઉપાદેય છે.

મોહાદિ પરિણામ આત્માની સુખ-શાંતિનો ઘાત કરવાવાળા છે, માટે તેને આત્મા ન માની શકાય, તેથી તેને આત્મા કહેવાવાળો નય કથંચિત્ હેય છે.

## ❖ (ii) અનુપચરિત સદ્દભુતવ્યવહારનય

## ❖ સ્વરૂપ અને વિષયવસ્તુ :-

અખંડ દ્રવ્યમાં શુદ્ધ ગુણ-ગુણી, પર્યાય-પર્યાયીના આધાર પર ભેદને વિષય

કરવાવાળા નયને અનુપચરિત સદ્દભુત વ્યવહારનય કહે છે.[1] જીવ કેવળજ્ઞાન-કેવળ-દર્શનવાળો છે. આમાં દ્રવ્ય સામાન્યમાં શુધ્ધ ગુણ-ગુણીનાં ભેદનું કથન કરવું અને 'જીવ વીતરાગતાવાળો છે' - તે દ્રવ્ય સામાન્યમાં શુધ્ધ પર્યાય-પર્યાયીના ભેદનું કથન કરવાવાળો છે.[2] અથવા નિરૂપાધિ ગુણ-ગુણીમાં ભેદને વિષય કરવાવાળાં નયને અનુપચરિત સદ્દભુતવ્યવહારનય કહે છે.[3] જેમકે જીવનાં કેવળજ્ઞાનાદિગુણ કેવળજ્ઞાનાદિ શુદ્ધગુણોનો આધાર હોવાને લીધે તેને કાર્યશુદ્ધ જીવ કહેવાય છે.[2]

આ નય પૂર્ણ વિકસિત નિર્મળ પર્યાયોને આત્માની કહે છે, માટે શુધ્ધ ગુણોનો આધારભૂત હોવાથી આને શુધ્ધ સદ્દભુતવ્યવહારનય કહેવામાં આવે છે.[2] જેમ કે - જીવના કેવળજ્ઞાનાદિ ગુણ.

આ નય આત્માના જ્ઞાન, દર્શન, ચારિત્રનાં ભેદ કરે છે. જેમ કે - જીવ જ્ઞાનવાળો છે અથવા જ્ઞાન જીવનો ગુણ છે. છતાં જીવ અને જ્ઞાન ભિન્ન - ભિન્ન નથી, એક જ છે; પણ તેમાં ભેદને જોવો તે આ નયનો વિષય છે.

સંક્ષેપમાં કહી શકાય કે આ નય દ્રવ્યની પૂર્ણ નિર્વિકારી શુધ્ધ ગુણ અથવા શુધ્ધ પર્યાયને વિષય બનાવે છે. જેમ કે - પુદગલની પરમાણુની પર્યાયને અને જીવની કેવળજ્ઞાનાદિ પર્યાયને.

### ❖ કર્તા - ભોક્તા :-

આ નય અનુસાર આત્મા નિર્મળ પર્યાયોનો જ્ઞાતા, કર્તા - ભોક્તા છે.

---

1. આલાપ પધ્ધતિ - Pg. 217 2. પરમભાવ પ્રકાશક નયચક્ર - Pg. 117,118 3. આલાપ પધ્ધતિ - Pg. 228

### ❖ નામની સાર્થકતા :-

અનંતગુણ અને અસંખ્યપ્રદેશ આત્મામાં છે, તેથી 'સદ્દભુત' છે. આત્માનાં ગુણ અને પ્રદેશ અલગ – અલગ થઈ શકતાં નથી, તેથી 'અનુપચરિત' છે. આ ગુણ અને પ્રદેશોને ભેદ કરીને સમજાવી શકાય છે, તેથી 'વ્યવહાર' છે; તથા એકદેશનું કથન કરવાના કારણે 'નય' છે. તેથી આનું અનુપચરિત સદ્દભુતવ્યવહારનય નામ સાર્થક છે.

### ❖ પ્રયોજન :-

સ્વભાવના સામર્થ્યનું જ્ઞાન કરાવવું તથા આત્મામાં અનુપચરિત રૂપે રહેલી

વિદ્યમાન શક્તિઓ અને પૂર્ણ પાવન વ્યક્તિઓનો પરિચય કરાવવો - તે આ નયનું પ્રયોજન છે.

### ❖ હેયોપદેયતા :-

આ નય પોતાના શુદ્ધ સ્વરૂપને સમજવા માટે ઉપયોગી છે, તેથી ઉપાદેય છે તથા જ્યાં સુધી ભિન્નતા પર લક્ષ્ય છે ત્યાં સુધી જ્ઞાન ભેદના વિકલ્પોમાં મુંઝાયેલો રહે છે; અને જ્યાં સુધી ભેદમાં મુંઝાયેલો રહેશે. ત્યાં સુધી જ્ઞાનમાં વિકલ્પોનાં તરંગો આવતાં રહેશે, તેનાથી અખંડ આત્માની પ્રાપ્તિ નહીં થાય, તેથી આત્માનુભૂતિ પણ નહીં થાય. તેથી આ નય હેય છે.

### ❖ નિષ્કર્ષ :-

વ્યવહારનયમાં-ભાષા અજ્ઞાનીઓની અને ભાવ જ્ઞાનીઓનો હોય છે. દુનિયા જેવું માને છે તેવી રીતે તેનું નિરૂપણ કરવામાં આવે છે. દુનિયાનો વ્યવહાર આ પ્રકારે ચાલે છે. આ નય દુનિયાનું પ્રતિનિધિત્વ કરવાવાળો નય છે. સંપૂર્ણ પ્રથમાનુયોગ અને ચરણાનુયોગની આધારશિલા અસદ્‌ભુતવ્યવહારનય જ છે. ભેદ–વિજ્ઞાન, રોજિંદો વ્યવહાર અને સદાચારની દ્રષ્ટિથી પણ આ નય અત્યંત ઉપયોગી છે; કથંચિત્ સત્યાર્થ છે.

વ્યવહારનયની વિષયવસ્તુનું પ્રતિપાદન તો વ્યવહારનય કરે જ છે, તેની સાથે નિશ્ચયનયની વિષયવસ્તુનું પ્રતિપાદન પણ વ્યવહારનય જ કરે છે, વ્યવહારનયને જાણ્યાં વગર સમજવા-સમજાવવાની પ્રક્રિયાનો લોપ થઈ જશે, તીર્થનો લોપ થઈ જશે.

આત્માને વાણીના માધ્યમથી, ગુરુના માધ્યમથી સમજવા માટે વ્યવહારની જરૂર છે. વ્યવહાર વગર આત્મા સમજાશે નહિ અને આત્માના અનુભવ માટે વ્યવહારનો નિષેધ આવશ્યક છે; કારણ કે વ્યવહાર છોડ્યાં વગર આત્મા પ્રાપ્ત નહિ થાય.

તેથી વ્યવહારનયનું કથન પ્રયોજન પૂરતું સત્ય છે; વ્યાવહારિક સત્ય છે; પારમાર્થિક સત્ય નહીં. માટે વ્યવહારનય પોતાની મર્યાદામાં સર્વથા સત્યાર્થ છે અને સીમાની બહાર સર્વથા અસત્યાર્થ છે.

વ્યવહારનયની સૌથી મોટી ઉપયોગિતા એ છે કે તેને અભૂતાર્થ, અસત્યાર્થ, હેય એમ જાણવો. તેનાથી જ આપણું પ્રયોજન સિદ્ધ થાય છે. તેના વગર પ્રયોજન સિદ્ધ થવાનું નથી.

માટે વ્યવહારને કથંચિત્ સત્યાર્થ અને કથંચિત્ અસત્યાર્થ કહેવામાં આવે છે, કથંચિત્ ઉપાદેય અને કથંચિત્ હેય કહેવામાં આવે છે.

## ❖ નિશ્ચય નય :-

### ❖ ભેદ - પ્રભેદ :-

નિશ્ચયનય સામાન્ય - વિશેષાત્મક વસ્તુના સામાન્ય અંશને વિષય બનાવે છે. સામાન્ય એક હોય છે. તેથી તેને વિષય બનાવવાવાળો નય પણ એક જ હોય છે, અનેક નહીં. તેથી 'न तथा' લક્ષણવાળો નિશ્ચય નય એક છે, અભેદ છે.

### ❖ શા માટે નિશ્ચયનય અભેદ ? :-

નિશ્ચય નયને અન્ય ભેદોની વિવક્ષા અનુસાર ક્યારેક નિશ્ચય તો ક્યારેક વ્યવહાર કહેવામાં આવે છે. જેમ કે - એકદેશ શુદ્ધનિશ્ચયનયની અપેક્ષાએ અશુદ્ધનિશ્ચયનય વ્યવહાર છે, સાક્ષાતશુદ્ધનિશ્ચયનયની અપેક્ષાએ એકદેશનિશ્ચયનય અને અશુદ્ધ નિશ્ચય નય વ્યવહાર છે; તથા પરમશુદ્ધનિશ્ચયનયની અપેક્ષાએ સાક્ષાત શુદ્ધનિશ્ચયનય, એકદેશશુદ્ધનિશ્ચયનય અને અશુદ્ધ-નિશ્ચયનય પણ વ્યવહાર જ છે; પરંતુ પરમશુદ્ધનિશ્ચયનય કયારેય પણ વ્યવહારપણાને પ્રાપ્ત નથી થતો, તેનાં કોઈ ભેદ હોતાં નથી; તેથી વાસ્તવિક રીતે નિશ્ચયનયને ભેદોથી ભેદી શકાતો નથી. તે તો અભેદ જ છે.

### ❖ શા માટે અન્ય નયો વ્યવહારપણાને પ્રાપ્ત છે ?

દ્રવ્યસ્વભાવને ગ્રહણ કરવાવાળો હોવાથી એકમાત્ર પરમશુદ્ધનિશ્ચયનય જ વાસ્તવિક નિશ્ચયનય કહેવાય છે; બાકી બીજાં બધાં નય પર્યાય સ્વભાવને ગ્રહણ કરવાવાળાં હોવાથી તેમ જ નિષેધ્ય હોવાનાં કારણે વ્યવહારપણાને પ્રાપ્ત થાય છે.

### ❖ શા માટે બીજા નય નિષેધ છે ?

નયોનાં પ્રયોજનની સિદ્ધિ થઈ ગયા બાદ તેની ઉપયોગિતા સમાપ્ત થઈ જાય છે; તેથી તેનો નિષેધ કરવો અનિવાર્ય છે. જો તેનો નિષેધ ન કરવામાં આવે તો ઉત્તરોત્તર વિકાસની પ્રક્રિયા અટકી જાય છે. તેથી તત્સંબંધી પ્રયોજનની સિદ્ધિ થઈ ગયા બાદ, આગળ વધવા માટે, આગળના પ્રયોજનની સિદ્ધિ માટે પૂર્વકથિત નયનો નિષેધ તેમજ આગળના નયનું પ્રતિપાદન ઈષ્ટ થઈ જાય છે. માટે એકદેશ શુદ્ધનિશ્ચયનય

અશુદ્ધનિશ્ચયનયનું, સાક્ષાતશુદ્ધનિશ્ચયનય એકદેશ શુદ્ધનિશ્ચયનયનું તથા પરમશુદ્ધનિશ્ચયનય સાક્ષાતશુદ્ધનિશ્ચયનય આદિ પૂર્વ (પહેલાં)ના નયોનો નિષેધ કરે છે. આ પ્રકારે બધા નય પોતાના પૂર્વ (પહેલા)ના નયોનો નિષેધ કરે છે.[1]

### ❖ શા માટે પરમશુદ્ધનિશ્ચયનય નિષેધ્ય નથી ?

આ નયનાં કથનો દ્રવ્યદ્રષ્ટિથી કરવામાં આવે છે. આ નય પર્યાયગત અશુદ્ધતાને છોડીને દ્રવ્યગત શુદ્ધતાને વિષય બનાવે છે, અર્થાત જે અનાદિથી અનંતકાલ સુધી જીવની સાથે રહેશે તેને - એવા સામાન્ય દ્રવ્યને વિષય બનાવે છે. આ નયનો વિષયભૂત શુદ્ધાત્મદ્રવ્ય જ દ્રષ્ટિનો વિષય છે, ધ્યાનનું ધ્યેય છે. તેના આશ્રયથી જ આત્માનુભૂતિ થાય છે, મુક્તિ થાય છે; તેથી તે નિષેધ્ય નથી.

### ❖ શું નય સર્વથા નિષેધ્ય છે ?

ના, નય સર્વથા નિષેધ્ય નથી, કથંચિત નિષેધ્ય છે; કારણ કે પ્રત્યેક નય પોતાના પ્રયોજનની સિદ્ધિ કરવાવાળો હોવાથી સ્વસ્થાનમાં નિષેધ કરવા યોગ્ય નથી.

### ❖ શા માટે અભેદ નિશ્ચયનયના ભેદ કહેવામાં આવ્યા છે ?

પર અને પર્યાયથી ભિન્ન નિજ શુદ્ધાત્મસ્વરૂપને સમજવા - સમજાવવા માટે વિષયવસ્તુના આધારે અભેદ નિશ્ચયનયના ભેદ કરવામાં આવે છે.

---

1. પંચાધ્યાયી, પ્રથમ અધ્યાય - શ્લોક – 657, પરમભાવપ્રકાશક નયચક્ર- પેજ - 82

### ❖ નિશ્ચયનાં કેટલાં ભેદ છે ?

નિશ્ચયનયનાં સામાન્યરૂપે બે ભેદ કરવામાં આવે છે.

(1) અશુદ્ધનિશ્ચયનય (2) શુદ્ધનિશ્ચયનય

શુદ્ધનિશ્ચયનયનાં ત્રણ પ્રકાર છે :

(i) એકદેશશુદ્ધનિશ્ચયનય (ii) સાક્ષાત્ શુદ્ધનિશ્ચયનય (iii) પરમશુદ્ધનિશ્ચયનય

આ પ્રકારથી નિશ્ચયનયનાં પણ ચાર પ્રકાર થયાં. નિશ્ચયનયનાં ચાર ભેદો નીચે આપેલ ચાર્ટ દ્વારા સમજી શકાય છે :-

- નિશ્ચય નય
  - અશુદ્ધ નિશ્ચયનય
  - શુદ્ધનિશ્ચયનય
    - એકદેશ શુદ્ધ નિશ્ચયનય
    - સાક્ષાત શુદ્ધ નિશ્ચયનય (શુદ્ધનિશ્ચયનય)
    - પરમશુદ્ધ નિશ્ચયનય

ઉકત ચાર્ટમાં વિશેષ ધ્યાન આપવાની વાત એ છે કે 'શુદ્ધનિશ્ચયનયના' પણ ભેદોમાં એકનું નામ તો 'શુદ્ધનિશ્ચયનય' જ છે, આથી એ સિદ્ધ થાય છે કે 'શુદ્ધનિશ્ચયનય' શબ્દનો પ્રયોગ ક્યારેક તો ત્રણ ભેદોના સમુદાયનાં રૂપમાં અને કયારેક તેના એક ભેદમાત્રના રૂપમાં થાય છે. આ મર્મથી અજાણ હોવાથી જિનવાણીમાં અનેક વિરોધાભાવ પ્રતીત થવા લાગે છે.[2]

પાઠકોની સુવિધાની દ્રષ્ટિથી પ્રસ્તુત કૃતિમાં આપણે ભેદરૂપ શુદ્ધનિશ્ચયનયને સર્વત્ર સાક્ષાત શુદ્ધનિશ્ચયનયનાં રૂપમાં જ પ્રસ્તુત કરીશું.

## ❖ ભેદ-પ્રભેદોની સાર્થકતા :-

નિશ્ચયનયનાં ઉકત ભેદ-પેટાભેદમાં પ્રત્યેક દ્રવ્યનાં પોતાના ગુણ-પર્યાયોથી અભિન્નતાને (અભેદ) મુખ્ય આધાર બતાવ્યો છે.[3]

---

1. પરમભાવ પ્રકાશક નયચક્ર - Pg. 99.

પ્રત્યેક દ્રવ્ય પોતાના ગુણ-પર્યાયોથી અભિન્ન અને પર તથા પરના ગુણ-પર્યાયોથી ભિન્ન છે. આ વાતને ધ્યાનમાં રાખીને જ નિશ્ચયનયના પરમશુદ્ધનિશ્ચયનયને છોડીને અન્ય ત્રણ ભેદ કરવામાં આવ્યાં છે.

નયોના ઉક્ત ભેદ-પેટાભેદ વિષે એક વાત વિશેષ ધ્યાન આપવા બાબત એ છે કે પ્રત્યેક નય પોતાની દ્રષ્ટિથી જે પણ કથન કરે છે, તે સંપૂર્ણ તે દ્રવ્ય વિષે જ કરે છે.

જેમ કે - પરમશુદ્ધનિશ્ચયનય પર્યાયમાં અશુદ્ધતા હોવા છતાં દ્રવ્યને શુદ્ધ કરે છે અને અશુદ્ધ નિશ્ચયનય દ્રવ્યાંશમાં શુદ્ધતા હોવા છતાં પર્યાયની અશુદ્ધતાના આધારે સંપૂર્ણ દ્રવ્યને જ અશુદ્ધ કહે છે.

આ પ્રકારે એકદેશશુદ્ધનિશ્ચયનય પણ દ્રવ્યાંશમાં અશુદ્ધતા હોવા છતાં પણ એકદેશશુદ્ધતાને આધારે સંપૂર્ણ દ્રવ્યને શુદ્ધ જ કહે છે.[1] આ દ્રષ્ટિથી સાધક અવસ્થામાં પણ જીવને સિદ્ધો સમાન પૂર્ણ શુદ્ધ કહેવામાં આવે છે. આ પ્રકારનાં કથનોમાં કોઈ વિરોધ નથી.[2] તેમ જ બધા નય પોત-પોતાનાં સ્થાન પર સાચાં છે, સત્યાર્થ છે, સાર્થક છે.

## ❖ પ્રયોજન :-

નિજ દ્રવ્યમાં અન્ય દ્રવ્યોનો હસ્તક્ષેપનો નિષેધ તેમજ પોતાની આંતરિક અખંડતા (ગુણભેદાદિનો નિષેધ કરી દ્રવ્યની અખંડતા)ને કાયમ રાખીને, અન્ય દ્રવ્યોથી તેની ભિન્નતા (પૃથક્તા) સ્થાપિત કરી નિજ સ્વભાવ તરફ દ્રષ્ટિ કરાવવી જ આ નયનું પ્રયોજન છે.[3]

## ❖ હેયોપાદેયતા :-

નિશ્ચયનય અશુદ્ધનિશ્ચયનયની અપેક્ષા હેય છે, એકદેશશુદ્ધનિશ્ચયનય અને સાક્ષાતશુદ્ધનિશ્ચયનયના દ્રષ્ટિકોણથી પ્રગટ કરવાની અપેક્ષા ઉપાદેય છે અને પરમશુદ્ધનિશ્ચયનયના દ્રષ્ટિકોણથી આશ્રય કરવાની અપેક્ષા એક માત્ર તે જ ઉપાદેય છે.

# ❖ અશુદ્ધનિશ્ચય નય :-

## ❖ સ્વરૂપ અને વિષયવસ્તુ :-

સોપાધિક ગુણ-ગુણી[4] અને રાગાદિ વિકારી ભાવોં[5] થી આત્માને અભિન્ન બતાવવાળા નયને અશુદ્ધનિશ્ચયનય કહે છે. જેમ કે - હું રાગી છું, ક્રોધી છું - કહેવું અથવા મતિ-જ્ઞાનાદિને જીવનાં કહેવા.

આ નય દ્રવ્યાંશમાં શુદ્ધતા હોવા છતાં પણ પર્યાયની અશુદ્ધતાના આધારે સંપૂર્ણ દ્રવ્યને જ ઔદયિકવત્ પૂર્ણ અશુદ્ધ કહે છે.[1] તેથી ક્ષયોપશમભાવમાં વિદ્યમાન અશુદ્ધતાના અંશની સાથે અભેદતા પણ આ નય જ બતાવે છે.[2]

આ નય રાગાદિ વિકારીભાવોથી જીવને તન્મય (અભેદ) બનાવે છે. આ દ્રષ્ટિથી રાગાદિભાવ, જીવનાં પોતાનાં જ ભાવ છે, જડકર્મના નહીં. જેમ કે - આત્મા રાગાદિરૂપ છે.

આ નયથી જ સાંસારિક સુખ-દુ:ખ અને રાગદ્વેષાદિને જીવ જનિત કહેવામાં આવ્યાં છે.[3]

મોહ, રાગ-દ્વેષાદિ ભાવકર્મોનો નાશ પણ આ નયથી કહેવામાં આવ્યો છે. કારણ કે આ નય જ મોહાદિના અસ્તિત્વને સ્વીકારે છે. જ્યાં અસ્તિત્વ છે, તો નાશ પણ ત્યાં જ થશે.

સંક્ષેપમાં કહીએ તો આ નયમાં દ્રવ્યની સાથે તેની અશુદ્ધ પર્યાયોને અભેદ બતાવવામાં આવી છે, અશુદ્ધ ભાવોના આધારે જીવને દર્શાવવામાં આવ્યો છે.

## ❖ કર્તા-ભોક્તાપણું :-

અશુદ્ધ ક્ષાયોપશમિક ભાવો અને ઔદયિક ભાવોનો કર્તા-ભોક્તા આ નયથી કહેવામાં આવે છે.[4] જીવ પર્યાયરૂપ ભાવાસ્રવ, ભાવબંધ, ભાવપુણ્ય – ભાવપાપ પદાર્થો અને રાગાદિનો કર્તા-ભોક્તા પણ આ નયથી જ કહેવામાં આવે છે.[5]

## ❖ નામની સાર્થકતા :-

આ નય કર્મોપાધિથી ઉત્પન્ન થતો હોવાથી 'અશુદ્ધ' કહેવાય છે. અને પોતાના જ ભાવો સાથે તન્મય હોવાથી 'નિશ્ચય', અંશનું કથન કરવાનાં કારણે 'નય' કહેવાય છે. આ પ્રકારે આનું 'અશુદ્ધ નિશ્ચયનય' નામ સાર્થક છે.[1]

## ❖ ગુણસ્થાન :-

અશુદ્ધ પર્યાયને ગ્રહણ કરવાવાળો આ નય પ્રથમ ગુણસ્થાનથી બારમા ગુણસ્થાન સુધી હોય છે.[2]

---

4. આલાપ પદ્ધતિ, અંતિમ પૃષ્ઠ 5. (a) નિયમસાર - ગાથા - 18 ટીકા, (b) પ્રવચનસાર, તાત્પર્યવૃત્તિ - પરિશિષ્ટ

1. પરમભાવ પ્રકાશક નયચક્ર - Pg. 87-88

2. ક્ષાયોપશમભાવમાં શુદ્ધતા અને અશુદ્ધતા બંનેનું મિશ્રણ હોય છે. પરમભાવ પ્રકાશક નયચક્ર - Pg. 89

3. પરમભાવ પ્રકાશક નયચક્ર - Pg. 83 4. પરમભાવ પ્રકાશક નયચક્ર - Pg. 88

5. પરમભાવ પ્રકાશક નયચક્ર - Pg. 91

## ❖ પ્રયોજન :-

આ નય વિકારીભાવોમાં એકત્વ સ્થાપિત કરી જીવને તેના દ્વારા કરેલાં રાગાદિરૂપ અપરાધોની સ્વીકૃતિ કરાવે છે; તેના કર્તૃત્વ અને ભોકર્તૃત્વ નો પણ સ્વીકાર કરાવે છે, તેને કર્મકૃત અથવા પરકૃત કહીને તેનું ઉત્તરદાયિત્વ બીજાં પર થોપતો નથી. પોતાનાં અપરાધોની સ્વીકૃતિ જ તેને દૂર કરવાનો ઉપાય છે.[3] આ પ્રકારે આ નય આપણને બતાવે છે કે રાગાદિ વિકારી ભાવ સ્વયંની ભૂલથી સ્વયંમાં થયા છે, તેથી તેના કર્તા-ભોક્તા પણ આપણે સ્વયં જ છીએ. પોતાનું ભલું-બૂરું કરવા માટે આપણે સ્વયં સમર્થ છીએ અને તેને માટે પૂર્ણ સ્વતંત્ર છીએ.

આ નયના સર્વથા નિષેધથી આત્મામાં રાગાદિ ભાવ રહેશે જ નહિ. રાગાદિભાવનો

અભાવ થતાં આશ્રવ, બંધ, પુણ્ય અને પાપ તત્વનો અભાવ થવાથી સંસારનો જ અભાવ થઈ જશે. સંસારનો અભાવ થવાથી મોક્ષનો પણ અભાવ થઈ જશે, કેમ કે મોક્ષ સંસારપૂર્વક જ તો હોય છે.[4]

બીજું, રાગાદિભાવ પણ આત્માથી એવા જ ભિન્ન સિદ્ધ ઠરશે, કે જેવા અન્ય પરદ્રવ્ય, કે જે પ્રત્યક્ષથી વિરુદ્ધ છે. મૃત્યુ થતાં દેહાદિ પરપદાર્થ અહીં રહી જાય છે, પણ રાગ-દ્વેષ સાથે જાય છે.[5]

સંક્ષેપમાં કહી શકાય કે અશુદ્ધભાવોનો ત્યાગ કરાવી શુદ્ધભાવોમાં સ્થિરતા કરાવવી અને પોતાનાં ઉપયોગને પરથી ખસેડી (હટાવી) પોતામાં જ લાવવો - તે આ નયનું પ્રયોજન છે.

### ❖ હેયોપાદેયતા :-

રાગ-દ્વેષાદિરૂપ વિકારી પર્યાયોને ગ્રહણ કરવાવાળો આ નય સંસારમાર્ગી છે.[2] - દુખનું કારણ છે, તેથી હેય છે. અથવા આ નયનો વિષય રાગ-દ્વેષાદિ રૂપ વિકારીભાવ હોવાથી સંસારનું કારણ છે, દુ:ખનું કારણ છે તેથી હેય છે.

---

2. પરમભાવ પ્રકાશક નયચક્ર - Pg. 92
3. પરમભાવ પ્રકાશક નયચક્ર - Pg. 95
4. પરમભાવ પ્રકાશક નયચક્ર - Pg. 98
5. પરમભાવ પ્રકાશક નયચક્ર - Pg. 98

## ❖ (2) શુદ્ધનિશ્ચયનય

### ❖ શુદ્ધનિશ્ચયનયનાં ત્રણ પ્રકાર છે.

(i) એકદેશશુદ્ધનિશ્ચયનય

(ii) સાક્ષાત શુદ્ધનિશ્ચયનય

(iii) પરમશુદ્ધનિશ્ચયનય

## ❖ (i) એકદેશશુદ્ધનિશ્ચયનય

### ❖ સ્વરૂપ અને વિષયવસ્તુ :-

જે નય એકદેશ શુદ્ધતાથી તન્મય દ્રવ્યસામાન્યને પૂર્ણશુદ્ધ જુએ છે તો - એકદેશશુદ્ધનિશ્ચયનય છે. અર્થાત એકદેશ શુદ્ધ પર્યાયોથી આત્માને અભિન્ન

બતાવવાવાળાં નયને એકદેશશુદ્ધનિશ્ચયનય કહેવાય છે. જેમ કે - સમ્યગ્દર્શન પર્યાય સહિત આત્માને સમ્યગ્દ્રષ્ટિ કહેવો.

આ નયનો પ્રયોગ ક્ષાયોપશમિકભાવમાં વિદ્યમાન શુદ્ધના અંશની સાથે આત્માની અભેદતામાં થાય છે અર્થાત નિર્મળ પરંતુ અપૂર્ણ પર્યાયની સાથે અભેદતામાં જ થાય છે. પર્યાયની નિર્મળતા તેને અશુદ્ધનિશ્ચયનયથી પૃથક્ (ભિન્ન) રાખે છે તેમ જ અપૂર્ણતા સાક્ષાત શુદ્ધનિશ્ચયનયથી પૃથક (ભિન્ન) કરે છે.[1]

આ નય એકદેશ શુદ્ધિના આધારે સંપૂર્ણ દ્રવ્યને શુદ્ધ કહે છે, એકદેશ શુદ્ધતામાં પૂર્ણ શુદ્ધતાનું કથન કરે છે.[2] આ દ્રષ્ટિથી જ સાધક અવસ્થામાં પણ જીવને સિદ્ધો સમાન પૂર્ણ શુદ્ધ જ ગ્રહણ કરવામાં આવ્યો છે.[3]

સાંસારિક સુખ-દુ:ખ અને રાગ-દ્વેષાદિ ઔદયિક ભાવ આ નયથી કર્મજનિત કહેવાય છે.[4]

## ❖ કર્તા-ભોક્તાપણું :-

જીવ પર્યાયરૂપ ભાવસંવર, ભાવનિર્જરા અને ભાવમોક્ષ પદાર્થોનો કર્તા-ભોક્તા આ નયથી કહેવામાં આવે છે.[5]

---

1. પરમભાવ પ્રકાશક નયચક્ર - Pg. 94
2. પરમભાવ પ્રકાશક નયચક્ર - Pg. 109
1. પરમભાવ પ્રકાશક નયચક્ર - Pg. 89
2. પરમભાવ પ્રકાશક નયચક્ર - Pg. 87
3. પરમભાવ પ્રકાશક નયચક્ર - Pg. 88

## ❖ નામની સાર્થકતા :-

આ નયનો પ્રયોગ નિર્મળ પરંતુ અપૂર્ણ પર્યાયની સાથે અભેદતામાં જ થાય છે; માટે તેને અપૂર્ણતાની અપેક્ષા 'એકદેશ', નિર્મળતા-શુદ્ધતાની અપેક્ષા 'શુદ્ધ' તેમ જ પોતાની પર્યાય હોવાથી 'નિશ્ચય' અને અંશનું કથન કરવાના કારણે 'નય' કહેવામાં આવે છે. આ પ્રકારથી આનું એકદેશશુદ્ધનિશ્ચયનય નામ સાર્થક છે.

## ❖ ગુણસ્થાન :-

અપૂર્ણ, શુદ્ધ પર્યાયને ગ્રહણ કરવાવાળો આ નય ચતુર્થ ગુણસ્થાનથી બારમા ગુણસ્થાન સુધી હોય છે.

## ❖ પ્રયોજન :-

સાધકદશાને બતાવવાવાળા આ નયને નહીં માનવાથી સાધકદશાનો જ અભાવ થઈ જશે. સાધકદશાનું નામ જ મોક્ષમાર્ગ છે; તેથી મોક્ષમાર્ગ જ રહેશે નહિ. જો મોક્ષમાર્ગ જ નહિ રહેશે તો મોક્ષનો જ અભાવ થઈ જશે.

જો કે વિકારી પર્યાય પોતાનામાં જ ઉત્પન્ન થઈ છે; તેથી આ નય વિકાર પરથી દ્રષ્ટિ હટાવીને (ખસેડીને) એકદેશ નિર્મળ પર્યાયમાં અભેદને સ્થાપે છે, મુક્તિ માર્ગની સાથે અભેદતા બતાવે છે.

સંક્ષેપમાં કહીએ તો વિકારી પર્યાયથી પૃથક્તા (ભિન્નતા) સ્થાપીને એકદેશ નિર્મળ પર્યાયમાં જ ત્રિકાળી ધ્રુવની એકતા સ્થાપવી તે આ નયનું પ્રયોજન છે.[1]

## ❖ હેયોપાદેયતા :-

એકદેશશુદ્ધનિશ્ચયનયનો વિષય એકદેશ નિર્મળ અર્થાત અપૂર્ણ પવિત્ર હોવાના કારણે જ ધ્યાતા પુરુષ આમાં અહં સ્થાપિત કરતો નથી; કારણ કે અપૂર્ણતાના લક્ષ્યથી પર્યાયમાં પૂર્ણતાની પ્રાપ્તિ થતી નથી; તેથી આત્મામાં એકત્વ સ્થાપિત કરવાની દ્રષ્ટિથી આ નય હેય છે.[2] પરંતુ આનો વિષય મોક્ષમાર્ગ રૂપ પર્યાયથી પરિણત આત્મા છે, જે મોક્ષમાર્ગરૂપ હોવાથી સાધન છે. સાધન હોવાથી, પ્રગટ કરવાની અપેક્ષા આ નય એકદેશ ઉપાદેય છે.[3]

---

4. પરમભાવ પ્રકાશક નયચક્ર - Pg. 83

5. પરમભાવ પ્રકાશક નયચક્ર - Pg. 91

# ❖ (ii) સાક્ષાતશુદ્ધનિશ્ચયનય

## ❖ સ્વરૂપ અને વિષયવસ્તુ :-

નિરૂપાધિક ગુણ-ગુણી અને પૂર્ણ શુદ્ધ કેવળજ્ઞાનાદિ પર્યાયોથી આત્માને અભિન્ન બતાવવાળા નયને સાક્ષાતશુદ્ધનિશ્ચયનય કહે છે. જેમ કે જીવને શુદ્ધ કેવળજ્ઞાનાદિરૂપ કહેવો.[4] આ નય પૂર્ણ શુદ્ધ ગુણ-પર્યાયોમાં એકત્વ સ્થાપે છે, ક્ષાયિક સમ્યકદ્રષ્ટિને 'દ્રષ્ટિ મુકત' કહેવામાં આવે છે. એમ પણ કહેવામાં આવે છે કે દ્રષ્ટિ અપેક્ષા તેઓ સિદ્ધ થઈ ગયા.[5]

આ નય સાંસારિક સુખ-દુ:ખ અને રાગ-દ્વેષની ઉત્પત્તિનો જ અસ્વીકાર કરે છે.[1]

સંક્ષેપમાં કહીએ તો આ નયનો વિષય મોક્ષરૂપથી પરિણત આત્મા છે, જો કે મોક્ષરૂપ, પરિપૂર્ણ સુખરૂપ હોવાથી સાધ્ય છે.

## ❖ કર્તા - ભોકતાપણું :-

જીવના ક્ષાયિકભાવોનો કર્તા - ભોક્તા આ નયથી કહેવામાં આવે છે.

--------------------------------------------------------------------------------

1. પરમભાવ પ્રકાશક નયચક્ર - Pg. 96
2. પરમભાવ પ્રકાશક નયચક્ર - Pg. 110
3. પરમભાવ પ્રકાશક નયચક્ર - Pg. 113
4. પરમભાવ પ્રકાશક નયચક્ર - Pg. 82
5. પરમભાવ પ્રકાશક નયચક્ર - Pg. 90

## ❖ નામની સાર્થકતા :-

ખરી રીતે જોતાં, આ નયનો પ્રયોગ સાક્ષાત સુખ સ્વરૂપ પૂર્ણ પર્યાયની સાથે અભેદતામાં જ થાય છે. તેથી પૂર્ણતાની અપેક્ષા 'સાક્ષાત' શુદ્ધતાની અપેક્ષા 'શુદ્ધ' તેમજ પોતાની પર્યાય હોવાથી 'નિશ્ચય' અને 'અંશનું' કથન કરવાના કારણે 'નય' કહેવામાં આવે છે. આ પ્રકારે આનું સાક્ષાતશુદ્ધનિશ્ચયનય નામ સાર્થક છે.

## ❖ ગુણસ્થાન :-

ક્ષાયિક ભાવોને ગ્રહણ કરવાવાળો આ નય ચોથા ગુણસ્થાનથી સિદ્ધો સુધી ઘટિત થાય છે. ક્ષાયિક સમ્યકદર્શનની અપેક્ષા તે ચોથા ગુણસ્થાનમાં પણ જોવા મળે છે.[2]

## ❖ પ્રયોજન :-

આ નય નહીં માનવાથી ક્ષાયિકભાવનો અભાવ થવાથી મોક્ષ અને મોક્ષમાર્ગનો અભાવ સિદ્ધ થશે, કેમ કે પછી તો એકમાત્ર પરમભાવગ્રાહીશુદ્ધનય રહેશે અને તેની દ્રષ્ટિથી તો બંધમોક્ષ છે જ નહીં.[3]

આ નયના વિષયભૂત ક્ષાયિકભાવરૂપ પ્રગટ પર્યાયોના આધારે જ ત્રિકાળી શુદ્ધાત્માના સ્વરૂપનો નિશ્ચય થાય છે; તેથી પૂર્ણ શુદ્ધ સ્થાયી પર્યાયમાં એકતા સ્થાપવી

-તે આ નયનું પ્રયોજન છે.

## ❖ હેયોપાદેયતા :-

સાક્ષાત શુદ્ધનિશ્ચયનયના વિષયરૂપ ક્ષાયિક પર્યાય સ્વયં પૂર્ણ છે. પવિત્ર છે; પરંતુ ધ્યાતા પુરુષ તેમાં અહં સ્થાપિત કરતો નથી; કારણ કે તેના આશ્રયથી પવિત્રતા પ્રગટ થતી નથી.[1] તેથી આશ્રય કરવાની દ્રષ્ટિથી આ નય હેય છે, પરંતુ પ્રગટ કરવાની અપેક્ષા આ નય ઉપાદેય છે.

---

1. પરમભાવ પ્રકાશક નયચક્ર - Pg. 83
2. પરમભાવ પ્રકાશક નયચક્ર - Pg. 90
3. પરમભાવ પ્રકાશક નયચક્ર - Pg. 98

## ❖ (iii) પરમશુદ્ધનિશ્ચયનય :-

## ❖ સ્વરૂપ અને વિષયવસ્તુ :-

ત્રિકાળી શુદ્ધ પરમપારિણામિક સામાન્યભાવને ગ્રહણ કરવાવાળા નયને પરમ શુદ્ધનિશ્ચયનય કહેવામાં આવે છે.[2] અર્થાત સમસ્ત વિકારી - અવિકારી પર્યાયોથી રહિત ત્રિકાળી દ્રવ્ય સ્વભાવને વિષય બનાવવાળા નયને પરમશુદ્ધનિશ્ચયનય કહે છે. જેમ કે પરમ સ્વભાવભૂત ગુણોનો આધાર હોવાથી કારણશુદ્ધજીવ.[3] અથવા સત્તા, ચૈતન્ય તથા જ્ઞાનાદિ શુદ્ધ પ્રાણોથી યુક્ત જીવ.[4]

આ નય અનુસાર સાંસારિક સુખ-દુ:ખ અને રાગ-દ્વેષ છે જ નહીં અર્થાત્ પરમશુદ્ધનિશ્ચયનયના વિષયભૂત આત્મામાં છે જ નહીં.[5]

આનો વિષય બંધ-મોક્ષ પર્યાયથી રહિત શુદ્ધાત્મા છે.[6]

આ પ્રકારે આપણે જોયું કે આ નય ત્રિકાળી દ્રવ્ય સ્વભાવને પોતાનો વિષય બનાવે છે. આનો વિષય તો પરજીવો, પુદ્દગલાદિ અજીવો તથા આસ્ત્રવાદિ પર્યાયોથી ભિન્ન, ગુણભેદથી ભિન્ન, અભેદ, અખંડ, ત્રિકાળી આત્મતત્વ જ છે.[7] તેને ઘણી જગ્યાએ સંક્ષેપમાં પર અને પર્યાયોથી ભિન્ન કહેવામાં આવ્યો છે.

## ❖ અકર્તા-અભોક્તાપણું :-

પરમાર્થથી જીવ ઉત્પન્ન થતો નથી. મરતો નથી. બંધ અને મોક્ષને કરતો નથી, તેથી આ નયથી જીવ અકર્તા- અભોક્તા છે.[1]

---

1. પરમભાવ પ્રકાશક નયચક્ર - Pg. 111
2. પરમભાવ પ્રકાશક નયચક્ર - Pg. 81
3. નિયમસાર ગાથા 9 ની સંસ્કૃત ટીકા
4. પંચાસ્તિકાય સંગ્રહ - ગાથા 27 ની ટીકા
5. પરમભાવ પ્રકાશક નયચક્ર - Pg. 77
6. પરમભાવ પ્રકાશક નયચક્ર - Pg. 11 3
7. પરમભાવ પ્રકાશક નય ચક્ર - Pg. 103

1. પરમભાવપ્રકાશક નયચક્ર - Pg. 91

### ❖ નામની સાર્થકતા :-

આ નય ગુણ - ગુણીમાં અભેદ કરીને અભેદને દ્રવ્યનો વિષય બનાવે છે. તેથી 'નિશ્ચય' છે. ત્રિકાળી શુદ્ધ પરમપારિણામિક સામાન્ય ભાવની સાથે અભેદ બતાવે છે. તેથી 'પરમશુદ્ધ' છે. અંશનું કથન કરવાના કારણે 'નય' છે. તેથી તેનું પરમશુદ્ધનિશ્ચય-નય ભાવ સાર્થક છે.

### ❖ ગુણસ્થાન :-

દ્રવ્યના પરમપારિણામિકભાવ રૂપ સામાન્ય અંશને ગ્રહણ કરવાવાળો હોવાથી આ નય નિગોદથી સિદ્ધો સુધી, સંસારી અને સમસ્ત મુક્ત જીવોમાં જોવા મળે છે. તેથી આ ચૌદ ગુણસ્થાનો અને ગુણસ્થાનાતીત સિદ્ધોમાં પણ જોવા મળે છે.[2]

વર્ણાદિથી લઈ ગુણસ્થાન સુધી સર્વ ભાવ જીવના નથી આ કથન આ નયની અપેક્ષાથી કરવામાં આવ્યું છે.

'સર્વ જીવ છે સિદ્ધ સમ' મમ સ્વરૂપ હૈ સિદ્ધ સમાન અથવા 'સિદ્ધ સમાન સદા પદ મેરો'[3] - વગેરે કથનો આ નયનાં છે. કારણ કે આમાં સિદ્ધ સમાન કાયમી આપણું પદ બતાવવામાં આવ્યું છે. આ કથન કોઈ પર્યાયની અપેક્ષાથી કરવામાં આવ્યું નથી. પરંતુ સ્વભાવની અપેક્ષાથી કરવામાં આવ્યું છે.[4]

## ❖ પ્રયોજન :-

આ નય કહે છે કે જોકે પૂર્ણ શુદ્ધ ક્ષાયિકભાવ સ્થાયી છે, સંતતિની અપેક્ષા અનંત છે; તો પણ અનાદિનો તો નથી. હું તો અનાદિ-અનંત તત્વ છું. તેથી ક્ષાયિકભાવો રૂપ પૂર્ણ શુદ્ધ પર્યાયોથી પણ ભિન્નતા સ્થાપિત કરીને અનાદિ - અનંત ત્રિકાળી ધ્રુવ તત્વમાં એકતા સ્થાપિત કરવી - તે આ નયનું પ્રયોજન છે.

## ❖ હેયોપાદેયતા :-

આ નયનો વિષય બંધ-મોક્ષ પર્યાયથી રહિત ત્રિકાળી ધ્રુવ સામાન્ય તત્વ હોવાથી ધ્યેય છે, હેય નથી. તેનો વિષય ત્રિકાળી ધ્રુવ શુદ્ધાત્મા આશ્રય કરવાની અપેક્ષા ઉપાદેય છે.

---

2. પરમભાવપ્રકાશક નયચક્ર - Pg. 90

3. પરમભાવપ્રકાશક નયચક્ર - Pg. 90

4. પરમભાવપ્રકાશક નયચક્ર - Pg. 90

## ❖ શા માટે પરમશુદ્ધનિશ્ચયનય નયાધિરાજ છે ? :-

નિશ્ચયનયના ચાર ભેદોમાં પ્રથમ ત્રણ ભેદ પર્યાય સહિત છે અને ચોથો ભેદ પરમશુદ્ધનિશ્ચયનય પર્યાય રહિત છે. અર્થાત પરમશુદ્ધનિશ્ચયનયનું કાર્ય પોતાની પર્યાયોથી પણ ભિન્ન બતાવવાનું છે. તથા બાકીનાં ત્રણે ભેદ પોતાના ગુણ - પર્યાયોથી અભિન્નતા અને પરના ગુણ પર્યાયોથી ભિન્નતા બતાવે છે.

પરમશુદ્ધનિશ્ચયનય પર્યાયગત અશુદ્ધતાને છોડીને દ્રવ્યગત શુદ્ધતાને વિષય બનાવે છે. આ આત્મા ધ્યાનનું ધ્યેય છે. જ્યારે આ નય નો વિષય 'આત્મા' ધ્યાનનું ધ્યેય બને છે. ત્યારે બાકીના બધાં નય (ત્રણ નિશ્ચય નય + ચાર વ્યવહારનય) વ્યવહાર કહેવાય છે.

આગળ કહ્યાં પ્રમાણે નિશ્ચયનયના ઉક્ત ભેદો ન તો સર્વથા નિષેધ્ય છે. અને ન સર્વથા અનિષેધ્ય. પ્રત્યેક નય પોત-પોતાના પ્રયોજનની સિદ્ધિ કરવાવાળો હોવાથી પોતાના સ્વસ્થાનમાં નિષેધ કરવા યોગ્ય નથી. પ્રયોજનની સિદ્ધિ થઈ ગયા બાદ તેની ઉપયોગિતા સમાપ્ત થઈ જાય છે. તેથી તેનો નિષેધ કરવો જરૂરી (અનિવાર્ય) થઈ જાય છે. જો તેનો નિષેધ કરવામાં ન આવે તો ઉતરોત્તર વિકાસની પ્રક્રિયા અટકી જશે.તેથી

તત્વસંબંધી પ્રયોજનની સિદ્ધિ થઈ ગયાં બાદ, આગળ વધવા માટે, આગળની પ્રયોજનની સિદ્ધિ માટે પૂર્વકથિત નયનો નિષેધ તેમ જ આગળના નયોનું પ્રતિપાદન ઇષ્ટ થઈ જાય છે.તેથી એકદેશ શુદ્ધનિશ્ચયનય, અશુદ્ધનિશ્ચયનયનો, સાક્ષાતશુદ્ધનિશ્ચયનય એકદેશ શુદ્ધનિશ્ચયનયનો અને અશુદ્ધનિશ્ચયનયનો તથા પરમશુદ્ધનિશ્ચયનય સાક્ષાતશુદ્ધનિશ્ચયનય આદિ પૂર્વના નયોનો અભાવ કરતો થકો ઉદયને પ્રાપ્ત થાય છે.[1] આ પ્રકારે આપણે કહી શકીએ કે- બધા નય પોતાનાં પૂર્વના નયોનો નિષેધ કરે છે. પરંતુ બધાનો નિષેધ કરવાવાળો પરમશુદ્ધનિશ્ચયનય ક્યારેય પણ કોઈ નય દ્વારા નિષિદ્ધ થતો નથી, કારણ કે પરમશુદ્ધનિશ્ચયનયનો વિષયભૂત શુદ્ધાત્મ દ્રવ્ય જ દ્રષ્ટિનો વિષય છે. તેના આશ્રયથી જ આત્માનુભૂતિ પ્રગટ થાય છે. તેથી આ નય નયાધિરાજ છે. અથવા આ નય ભેદ વિકલ્પોનો નિષેધ કરી અન્ય દ્રવ્યોથી ભિન્નતા સ્થાપીને આંતરિક અખંડતાને કાયમ રાખે છે. દ્રવ્યની આ અખંડતા જ દ્રષ્ટિનો વિષય છે. શ્રદ્ધાનું શ્રદ્ધેય છે.ધ્યાનનું ધ્યેય છે.તેનાથી આત્માનુભૂતિ થાય છે. સાચા સુખની પ્રાપ્તિ થાય છે. મુક્તિની પ્રાપ્તિ થાય છે;તેથી આ નય નયાધિરાજ છે.

---------------------------------------------------------

1. પરમભાવપ્રકાશક નયચક્ર - Pg. 99

## ❖ બધા નયોની સત્યાર્થતા - અસત્યાર્થતા :-

### અથવા

### સૌથી વજનદાર નય કોણ છે ? :-

નયોની સત્યાર્થતા - અસત્યાર્થતા વસ્તુસ્વરૂપમાં વિદ્યમાન વ્યવસ્થા અનુસાર છે. જે ભેદાભેદનું વસ્તુસ્વરૂપમાં જેટલું વજન છે. તેટલી જ સત્યાર્થતા તેને વિષય બનાવવાવાળા નયમાં છે. [1]

ચારેચાર વ્યવહારનય પોત-પોતાની મર્યાદામાં અભેદ - અખંડ વસ્તુમાં ભેદ કરે છે અથવા ભિન્ન વસ્તુઓમાં અભેદનો ઉપચાર કરે છે. પ્રત્યેકની વાતમાં વજન પણ છે. પણ બધાની વાત એકસરખી વજનદાર નથી. આશય એ છે કે પ્રત્યેકના કથન પોત - પોતાના પ્રયોજનોની સિદ્ધિની અપેક્ષા સત્યાર્થ હોય છે,તોપણ બધાના કથન એકસરખા સત્યાર્થ હોતા નથી. પ્રત્યેક નય કથનની સત્યાર્થતા તેના વડે પ્રતિપાદિત વિષયની સત્યાર્થતા અનુસાર જ હોય છે. [2]

ઉપચરિત-અસદભુત વ્યવહારનયની વાતમાં પણ સત્યાર્થતા છે, વજન છે; અસત્યાર્થ માની તેને એમ જ ઉડાવી શકાતો નથી; કારણ કે આ નયના કથનોને પણ આધાર હોય છે. આ કથનો સર્વથા અસત્ય હોતા નથી. હા,પણ એટલું અવશ્ય છે કે- ઉપચરિતઅસદભુતવ્યવહારનયની વાતો એટલી વજનદાર હોતી નથી, જેટલી અનુપચરિતઅસદભુતવ્યવહારનયની વાત હોય છે. જેમ કે દેવદત્તનું મકાન અને દેવદત્તનું શરીર - આ બે કથનોમાં વજનનું અંતર સ્પષ્ટ દેખાઈ આવે છે.[1]

આ બંને અસદભુતનયોથી પણ વજનદાર વાત હોય છે ઉપચરિતઅસદભુત-વ્યવહારનયની, કારણ કે તેમાં એક દ્રવ્યમાં જ ભેદ કરવામાં આવે છે. જેમ કે મતિજ્ઞાનાદિ અને રાગાદિને આત્માનાં કહેવાં.

---------------------------------------------------------------------------------------------

1. પરમભાવ પ્રકાશક નય ચક – Pg. 128

2. પરમભાવ પ્રકાશક નયચક્ર – Pg. 129

3. પરમભાવ પ્રકાશક નયચક્ર – Pg. 130

આની સત્તા સ્વદ્રવ્યની મર્યાદાની અંદર જ છે. તેથી આનું વજન અસદભુતનાં બંને ભેદોથી અધિક છે. પણ એ અનુપચરિત-સદભુતથી ઓછું વજનદાર છે, કારણ કે અનુપચરિતસદભુતમાં પૂર્ણ નિર્વકારી પર્યાય કે ગુણ લેવામાં આવે છે. જેમ કે - કેવળજ્ઞાન આત્માની શુદ્ધ પર્યાય છે અથવા જ્ઞાન આત્માનો ગુણ છે.[2]

આમ આપણે જોયું કે વ્યવહારની વાતમાં પણ વજન છે અને નયકથનોના ઉક્તક્રમમાં ઊત્તરોત્તર વધારે વજન છે.

ઉક્ત ચારે વ્યવહારોથી પણ વધારે વજન નિશ્ચયનયમાં હોય છે. એ જ કારણ છે કે તેની સામે આનું વજન કામ કરતું નથી, અને તે આનો નિષેધ કરી દે છે. નિષેધ ની વાત નિશ્ચયનયની મર્યાદામાં આવે છે.[3] નિષેધ વચનોનું નામ જ નિશ્ચયનય છે.

ચારે વ્યવહારનયોમાં વધારે વજન અશુદ્ધ નિશ્ચયનયમાં હોય છે, કારણ કે આ અશુદ્ધ પર્યાયોમાં અભેદને વિષય બનાવે છે. પણ આ એકદેશ શુદ્ધનિશ્ચયનયથી ઓછું વજનદાર છે; કારણ કે આ નય એકદેશ શુદ્ધ પર્યાયોમાં અભેદને વિષય બનાવે છે.

એકદેશશુદ્ધનિશ્ચયનયથી વધારે વજન સાક્ષાત શુદ્ધનિશ્ચયનયમાં હોય છે, કારણકે આ પૂર્ણ શુદ્ધ પર્યાયોમાં અભેદને વિષય બનાવે છે. પણ આ પરમશુદ્ધનિશ્ચયનયથી ઓછું વજનદાર છે; કારણ કે આ નય પર્યાયોથી રહિત ત્રિકાળી દ્રવ્યને વિષય બનાવે છે.આ નય બધાં ભેદ વિકલ્પોનો નિષેધ કરી સ્વયં નિષિદ્ધ થઈ જાય છે, નિરસ્ત થઈ જાય છે. તેથી આ નય સર્વાધિક વજનદાર છે, ઉપાદેય છે, સત્યાર્થ છે.

## ❖ નિષ્કર્ષ :-

સંક્ષેપમાં આપણે ડો. ભારીલ્લનાં શબ્દોમાં કહી શકીએ કે - 'ઉક્ત આઠ નય આપણને આખી દુનિયાથી અલગ કરી શુદ્ધાત્મા સુધી પહોંચાડે છે. દ્રષ્ટિને પર અને પર્યાયોથી ખસેડી સ્વભાવ સન્મુખ તરફ લઈ જાય છે.'

નયો દ્વારા આત્માનું સાચું જ્ઞાન થાય છે. આત્માના સાચા જ્ઞાનથી આત્માનુભૂતિ થાય છે. આત્માનુભૂતિથી જ મિથ્યાત્વનો નાશ થાય છે. આત્માનુભૂતિ સાચા સુખને પ્રાપ્ત કરવાનો એકમાત્ર ઉપાય છે.

---

1. પરમભાવ પ્રકાશક નયચક - Pg. 130
2. પરમભાવ પ્રકાશક નયચક - Pg. 131
3. પરમભાવ પ્રકાશક નયચક - Pg. 129

# નય

## વ્યવહારનય
(પરથી અભેદ કરે છે, પોતાનામાં ભેદ કરે છે)

### અસદ્ભૂત વ્યવહારનય
(પરથી અભેદ કરે છે, સંબંધ જોડે છે.)

#### (૧) ઉપચરિત અસદ્ભૂત વ્યવહારનય

(૧) દૂરના સંબંધને (સંશ્લેષણ રહિત) વિષય બનાવે છે.

(૨) માતા-પિતા,સ્ત્રી-પુત્ર, મકાન વગેરેને પોતાના કહેવાવાળાં છે, કારણ કે તેમાં સંશ્લેષરહિત સંબંધ છે, જે કાયમ આપણી સાથે નથી રહેતાં.

(૩) દૂરનાં સંયોગનું જ્ઞાન કરાવે છે. જેમ કે-રમેશની સંપત્તિ.

(૪) આ નય ઉપચારમાં ઉપચાર કરાવે છે. શરીરથી સંબંધિત વસ્તુઓને પોતાની કહે છે. જેમ કે મારાં પિતા, મારાં ભાઈ વગેરે.

(૫) રોટલી-મકાન વગેરે સંયોગોનો તેમજ પંચેન્દ્રિયના વિષયોનો કર્તા -ભોક્તા આ નયથી કહેવામાં આવે છે.

(૬) બાહ્ય વિભૂતિ સમવસરણ વગેરેના આધારે તીર્થંકરોની સ્તુતિ - આ નયથી કરવામાં આવે છે.

(૭) ઔપચારિકતા નિભાવવી પડે છે, તેથી ઉપચરિત છે.

(૮) આ નય સદાચારની સિદ્ધિ કરવાવાળો છે.

#### (૨)અનુપચરિત અસદ્ભૂત વ્યવહારનય

(૧) નજીકના (નિકટતા) સંબંધને (સંશ્લેષણસહિત) વિષય બનાવે છે.

(૨) દેહને પોતાના કહેવાવાળા છે, કારણ કે તેના સંશ્લેષણ સહિત સંબંધ છે. તે સંબંધ જન્મથી મરણ સુધી કાયમ આપણી સાથે રહે છે.

(૩) નિકટના સંયોગોનું જ્ઞાન કરાવે છે. જેમકે શરીર મારું છે.

(૪) આ નય ભિન્ન દ્રવ્યોમાં ઉપચાર કરાવે છે. જેમ કે હું ગોરો, હું બિમાર વગેરે.

(૫) દ્રવ્યકર્મ, નોકર્મ (શરીર)નો કર્તા-ભોક્તા આ નયથી કહેવાય છે. જેમ કે-હું (કસરત) વ્યાયામથી સ્વસ્થ રહું છું.

(૬) દ્રવ્યકર્મ, નોકર્મ (શરીર)નો કર્તા-ભોક્તા આ નયથી કહેવાય છે. જેમ કે કસરત વ્યાયામથી સ્વસ્થ રહું છું.

(૭) ઔપચારિકતા નિભાવવી પડે છે, તેથી અનુપચારિત છે.

(૮) આ નય અહિંસાત્મક આચરણની સિદ્ધિ કરવાવાળો છે.

## નિશ્ચયનય
(પરથી ભેદ કરે છે, પોતાનામાં અભેદ કરે છે.)

### સદ્ભૂત વ્યવહારનય
(પોતાનામાં ભેદ કરે છે.)

#### (૩) ઉપચરિત (અશુદ્ધ) સદ્ભૂત વ્યવહારનય

(૧) આ નય અશુદ્ધ વિકારી પર્યાયોમાં અભેદને વિષય બનાવે છે.

(૨) પરના લક્ષથી ઉત્પન્ન થવાવાળા રાગ-દ્વેષને પોતાના કહેવાવાળો છે કારણ કે આત્મામાં ઉત્પન્ન થાય છે.

(૩) આ નય, અલ્પવિકસિત મતિ જ્ઞાનાદિ અને વિકારી પર્યાયોને જીવની કહે છે.

(૪) રાગાદિ ભાવકર્મ (સંયોગીભાવો)નો કર્તા - તે આ નયથી કહેવાય છે.

(૫) આ નય આત્માની અપૂર્ણ અને વિકૃતિ પર્યાયોનું જ્ઞાન કરાવે છે.

(૬) આ નય આત્માની અપૂર્ણ અને વિકૃતિ પર્યાયોનું જ્ઞાન કરાવે છે.

#### (૪) અનુપચરિત (શુદ્ધ) સદ્ભૂત વ્યવહારનય

(૧) આ નય શુદ્ધ પર્યાયોમાં અભેદને વિષય બનાવે છે.

(૨) આત્મામાં ગુણભેદ-પર્યાય ભેદ કરી જ્ઞાનાદિને પોતાના કહેવાવાળો છે. જેમકે મારામાં જ્ઞાન છે, દર્શન છે, ચારિત્ર છે.

(૩) પૂર્ણ વિકસિત નિર્મળ કેવળ જ્ઞાનાદિ પર્યાય અથવા ગુણને જીવના કહે છે.

(૪) પૂર્ણ વિકસિત નિર્મળ પર્યાયોનો કર્તા-ભોક્તા આ નયથી કહેવામાં આવે છે.

(૫) આ નય આત્મામાં વિદ્યમાન શક્તિઓ અને પૂર્ણ પાવન વ્યક્તિઓનો પરિચય કરાવે છે.

(૬) આ નય આત્મામાં વિદ્યમાન શક્તિઓ અને પૂર્ણ પાવન વ્યક્તિઓનો પરિચય કરાવે છે.

# નિશ્ચયનય

- અશુદ્ધ નિશ્ચયનય → એકદેશ શુદ્ધ નિશ્ચયનય
- અશુદ્ધ નિશ્ચયનય → સાક્ષાત શુદ્ધ નિશ્ચયનય
- અશુદ્ધ નિશ્ચયનય → પરમ શુદ્ધ નિશ્ચયનય

## (અશુદ્ધ નિશ્ચયનય)

(૧) આ નય અશુદ્ધ પર્યાયથી અભેદને સ્થાપે છે.

(૨) પરના લક્ષથી ઉત્પન્ન થવાવાળા રાગાદિ ભાવોને આત્માનાં કહેવાવાળો છે જેમ કે હું રાગી, હું દ્વેષી.

(૩) સોપાધિ ગુણ ગુણીમાં અભેદને વિષય કરવાવાળો છે.

(૪) જીવ ભાવ પર્યાયરૂપ આસ્રવબંધ, પુણ્ય-પાપ પદાર્થોનો કર્તા-ભોક્તા આ નથી છે. જેમ કે હું જ્ઞાની છું, વ્રતી છું.

(૫) આ નય ઔદયિક અને ક્ષાયોપશમિક ભાવોમાં વિદ્યમાન અશુધ્ધતાના અંશોની સાથે જીવની અભેદતા બતાવે છે.

(૬) સાંસારિક સુખ-દુઃખ અને રાગદ્વેષ જીવજનિત છે.

(૭) પ્રથમ ગુણસ્થાનથી બારમા સુધી હોય છે.

(૮) પોતાનાં અપરાધોની સ્વીકૃતિ કરી તેનું નિવારણ કરવું અથવા પોતાનાં ઉપયોગથી પરથી ખસેડી પોતામાં સ્થિર કરવો (લાવવો) તે આ નયનું પ્રયોજન છે.

## એકદેશ શુદ્ધ નિશ્ચયનય

(૧) આ નય એકદેશ શુદ્ધ પર્યાયથી અભેદને સ્થાપે છે.

(૨) સ્વના લક્ષથી ઉત્પન્ન થવાવાળાં એકદેશ નિર્મળ પર્યાય-સમ્યકદર્શનનો આત્મા કહેવાવાળો છે. જેમ કે હું સમ્યક્દષ્ટિ છું.

(૩) નિર્મળ કિન્તુ (પરંતુ) અપૂર્ણ પર્યાયની સાથે અભેદતાને વિષય કરવાવાળો છે.

(૪) જીવ ભાવ પર્યાયરૂપ સંવર, નિર્જરા અને મોક્ષની પર્યાયોનો કરતાં આ નથી છે, જેમ કે મુનિરાજને શુદ્ધોપયોગી કહેવા.

(૫) આ નય ક્ષાયોપશમિક ભાવમાં વિદ્યમાન શુધ્ધતાના અંશની સાથે આત્માની અભેદતા બતાવે છે.

(૬) સાંસારિક સુખ-દુઃખ અને રાગદ્વેષ કર્મજનિત છે.

(૭) ચતુર્થ ગુણસ્થાનથી બારમા સુધી હોય છે.

(૮) વિકારી પર્યાયમાં પૃથકતા સ્થાપીને અપૂર્ણ નિર્મળ પર્યાયમાં એકતા સ્થાપવી - તે આ નયનું પ્રયોજન છે.

## સાક્ષાત શુદ્ધ નિશ્ચયનય

(૧) આ નય પૂર્ણ શુદ્ધ પર્યાયોથી અભેદને સ્થાપે છે.

(૨) સ્વના લક્ષથી થતી પૂર્ણ કેવળજ્ઞાન પર્યાયનો-આત્મા કહેવાવાળો છે. જેમકે તે કેવળજ્ઞાની છે.

(૩) નિરૂપાધિ ગુણ-ગુણીમાં અભેદને વિષય કરવાવાળો છે.

(૪) આ નય ક્ષાયિકભાવનો કર્તા-પર્યાયોનો ભોક્તા કહેવાય છે જેમ કે ક્ષપક શ્રેણીવાળા મુનિરાજ.

(૫) આ નય ક્ષાયિકભાવોની સાથે અભેદતા બતાવે છે.

(૬) આ નય સાંસારિક દુઃખ અને રાગદ્વેષની ઉત્પતિ થતી જ નથી. એમ કહે છે.

(૭) ચતુર્થ ગુણસ્થાનથી સિધ્ધ સુધી હોય છે.

(૮) અપૂર્ણ પર્યાય પણ નષ્ટ થવાવાળી છે તેથી તેને હેય બતાવી સાદિ અનંત નિર્મળ પર્યાયથી અભેદતા બતાવવી - તે આ નયનું પ્રયોજન છે.

## પરમ શુદ્ધ નિશ્ચયનય

(૧) આ નય પર્યાયોથી રહિત ત્રિકાળી દ્રવ્યથી અભેદને સ્થાપે છે.

(૨) સમસ્ત પર્યાયોથી રહિત ત્રિકાળી સ્વભાવને આત્મા કહેવાવાળો છે. જેમકે કારણ શુદ્ધજીવ

(૩) સમસ્ત વિકારી અને અવિકારી પર્યાયોથી આત્માને ભિન્ન બતાવવાવાળો છે.

(૪) આ નય જીવને અકર્તા-અભોક્તા કહે છે.

(૫) આ નય પારિણામિક ભાવોથી અભેદતા બતાવે છે.

(૬) આ નયથી સાંસારિક સુખ-દુઃખ અને રાગ-દ્વેષ છે જ નહીં. એમ કહે છે.

(૭) બધાં ગુણસ્થાનોમાં અને ગુણસ્થાનાતીત પણ હોય છે.

(૮) નિર્મળ પર્યાય અનાદિથી ન હોવાના કારણે તેનાથી પણ ભિન્નતા (પૃથકતા) સ્થાપીને અનાદિ-અનંત રહેવાવાળાં દ્રવ્યસ્વભાવમાં એકતા સ્થાપવી - તે આ નયનું પ્રયોજન છે.

## ❖ આપેલાં શબ્દોમાંથી ખાલી જગ્યા પૂરો :-

1. ................. નય જ સમ્યક્ નય હોય છે, ................ નહીં. (નિરપેક્ષ, સાપેક્ષ)

2. નિરપેક્ષ નય ................ હોય છે. (સમ્યક, મિથ્યા)

3. નિરપેક્ષ નય.......... હોય છે. (સુનય, દુર્નય)

4. ............. ની સાર્થકતા તેના નિષેધમાં છે. (નિશ્ચય, વ્યવહાર)

5. ................. વગર નિશ્ચય સમજી નહીં શકાય અને વ્યવહારને છોડ્યા વગર .......... ને પ્રાપ્ત નહીં કરી શકાય. (નિશ્ચય, વ્યવહાર)

6. ................. નયના નિષેધ પછી (વાદ) નિશ્ચયનયનો પક્ષ (વિકલ્પ) પણ વિલયને પ્રાપ્ત થાય છે. જ્યાં સુધી ................. રહે છે, ત્યાં સુધી નિર્વિકલ્પ આત્માનુભૂતિ પ્રગટ થતી નથી. (નયરૂપ વિકલ્પ, વ્યવહાર)

7. જે જીવ નિશ્ચય-વ્યવહારના સ્વરૂપને ................ વ્યવહારના વિષયને ............... નિશ્ચયનયના વિકલ્પને ............... નિશ્ચયનયની વિષયભૂત વસ્તુનો આશ્રય લઈને વિકલ્પતીત, નયપક્ષાતીત સ્વાનુભૂતિ કરે છે, તે શીઘ્ર (જલ્દીથી) સાચા સુખને પ્રાપ્ત કરે છે. (તોડીને, છોડીને, સમજીને)

8. .............નો પક્ષ છોડવાનો છે, વિષયભૂત અર્થને પણ છોડવાનો છે. ...............નો પક્ષ છોડવાનો છે, વિષયભૂત અર્થ છોડવાનો નથી. (નિશ્ચયનય, વ્યવહારનય)

9. વ્યવહાર વગર ................. નો નાશ (લોપ) થઈ જશે, નિશ્ચય વગર .......... નો નાશ (લોપ) થઈ જશે. (તત્વ, તીર્થ)

10. ઉપદેશની પ્રક્રિયામાં ................. (પ્રધાન) મુખ્ય છે, અનુભવની પ્રક્રિયામાં........... મુખ્ય (પ્રધાન) છે, (નિશ્ચયનય, વ્યવહારનય)

<u>જવાબો</u> : 1. સાપેક્ષ, નિરપેક્ષ 2. મિથ્યા 3. દુર્નય 4. વ્યવહાર 5. વ્યવહાર, નિશ્ચય 6. વ્યવહાર, નયરૂપ વિકલ્પ 7. સમજીને, છોડીને, તોડીને 8. વ્યવહારનય, નિશ્ચયનય 9. તીર્થ, તત્વ 10. વ્યવહાર, નિશ્ચયનય.

## ❖ નીચેના પ્રશ્નોનાં ઉત્તર આપો :-

1. નય કોને કહે છે ?

2. નયભાસ કોને કહેવાય છે ?

3. અધ્યાત્મનાં મૂળ નય કેટલાં છે ?

4. વ્યવહારનય કોને કહેવાય છે ?

5. નિશ્ચયનય કોને કહેવાય છે ?

6 ઉપચરિત કથન કોને કહેવાય છે ? ઉદાહરણ સહિત સમજાવો.

7. નિશ્ચયનય અને વ્યવહારનયમાં શું અંતર છે ?

8 વ્યવહારનય કેટલાં પ્રકારનાં હોય છે ? ભેદ-પ્રભેદ સાથે નામ જણાવો.

9. અસદભુતવ્યવહારનય કોને કહેવાય છે ?

10. સદભુત વ્યવહારનય કોને કહેવાય છે ?

11. અસદભુત વ્યવહારનયના નામની સાર્થકતા સમજાવો.

12. સદભુત વ્યવહારનયના નામની સાર્થકતા સમજાવો.

13. ઉપચરિત અસદ્‌ભુત વ્યવહારનય કોને કહેવાય છે ?

14. અનુપચરિત અસદ્‌ભુત વ્યવહારનય કોને કહેવાય છે ?

15. ઉપચરિત સદ્‌ભુત વ્યવહારનય કોને કહેવાય છે ?

16. અનુપચરિત સદ્‌ભુત વ્યવહારનય કોને કહેવાય છે ?

17. ઉપચરિત સદ્‌ભુત વ્યવહારનય નામની સાર્થકતા સમજાવો.

18. અનુપચરિત સદ્‌ભુત વ્યવહારનય નામની સાર્થકતા સમજાવો.

19. નિશ્ચયનય કેટલાં પ્રકારનાં હોય છે ? ભેદ-પ્રભેદ સાથે નામ જણાવો.

20. અશુદ્ધ નિશ્ચયનય કોને કહેવાય છે ?

21. અશુદ્ધ નિશ્ચયનય નામની સાર્થકતા સમજાવો.

22. એકદેશ શુદ્ધનિશ્ચયનય કોને કહેવાય છે ?

23. સાક્ષાત શુદ્ધનિશ્ચયનય કોને કહેવાય છે ?

24. પરમશુદ્ધનિશ્ચયનય કોને કહેવાય છે ?

25. ઉપચરિત સદભૂતવ્યવહારનય અને અશુદ્ધ નિશ્ચયનયમાં શું અંતર છે ?

❖ નીચેનાં કથનો કયાં નયનાં છે ?

1. દેશ મારો છે.

2. હું હસું છું.

3. રૂપિયા - પૈસા મારાં છે.

4. હું બુદ્ધિમાન છું.

5. મારું પ્રતિબિંબ છે.

6. સર્વ જીવ છે સિદ્ધ સમ.

7. મમ સ્વરૂપ હૈ સિદ્ધ સમાન.

8. મને મારાં ભાઈ માટે ખૂબ જ પ્રેમ છે.

9. મને મારી બહેન માટે ખૂબ જ પ્રેમ છે.

10. મારામાં જ્ઞાન છે.

11. જ્ઞાન આત્માનો ગુણ છે.

12. બાહુબલી કેવળજ્ઞાની છે.

13. સિદ્ધ સમાન સદા પદ મેરો.

14. કારણ શુદ્ધ જીવ.

15. કાર્ય શુદ્ધ જીવ

16. તે સમ્યકદ્રષ્ટિ છે.

17. તીર્થંકર જન્મથી ક્ષાયિક સમ્યકદ્રષ્ટિ હોય છે.

18. જીવ અકર્તા છે - અભોક્તા છે.

19. હું ક્રોધી છું.

20. જીવમાં બંધ – મોક્ષ હોતો જ નથી.

21. હું રાગી છું.

22. હું રાગ – દ્વેષાદિવાળો છું.

23. અજ્ઞાની પંચેન્દ્રીયોના વિષયોને ભોગવે છે.

24. તીર્થંકર સમવશરણમાં બિરાજમાન છે.

25. તીર્થંકર સર્વજ્ઞ હોય છે.

## ❖ નયચક્ર સવાલ–જવાબ :

સ. 1 : શા માટે નયોનું સ્વરૂપ સમજવું જરૂરી (આવશ્યક) છે ?

જ. : 1. જીનાગમને સમજવા માટે.

2. વસ્તુસ્વરૂપ નાં સાચા જ્ઞાન માટે.

3. (અનેકાંતસ્વરૂપ) આત્માનાં સાચાં જ્ઞાન માટે.

4. આત્માનુભવ માટે.

5. સાંસારિક દુ:ખોથી બચવા માટે.

6. મિથ્યાત્વનાં નાશ માટે.

7. સાચા સુખની પ્રાપ્તિ માટે.

સ. 2 : નય અંશગ્રાહી હોય છે કે સર્વગ્રાહી ?

જ. : અંશગ્રાહી.

સ. 3 : શા માટે નયોને અંશગ્રાહી કહેવામાં આવે છે ?

જ. : નયોની પ્રવૃત્તિ વસ્તુના એકદેશમાં જ થાય છે તેથી નયોને અંશગ્રાહી કહેવામાં આવે છે.

સ. 4 : સમસ્ત વસ્તુઓનું સ્વરૂપ કેવું છે ?

જ. : અનેકાંતાત્મક.

સ. 5 : શું અનંતધર્માત્મક વસ્તુઓને એક સાથે જાણી શકાય છે ?

જ. : હા.

સ. 6 : શું અનંતધર્માત્મક વસ્તુઓને એક સાથે કહી શકાય છે ?

જ. : ના.

સ. 7 : નયોનું કથન સાપેક્ષ હોય છે કે નિરપેક્ષ ?

જ. : સાપેક્ષ

સ. 8 : વિવક્ષિત ધર્મ કોને કહેવામાં આવે છે?

જ. : મુખ્ય ધર્મને.

સ. 9 : અવિવક્ષિત ધર્મ કોને કહેવામાં આવે છે ?

જ. : ગૌણ ધર્મને.

સ. 10 : ગૌણ શબ્દથી શું તાત્પર્ય છે ?

જ. : પ્રતિપક્ષી (વિરોધી) ધર્મોના સંબંધમાં ચુપકીદી જ ગૌણતા છે. ગૌણતામાં પ્રતિપક્ષ ધર્મોનો વિધિ- નિષેધ કરવામાં આવતો નથી પરંતુ તે ધર્મના સંબંધમાં મૌન રહેવામાં આવે છે.

સ. 11 : શું મુખ્યતા-ગૌણતા વસ્તુમાં રહેલાં વિદ્યમાન ધર્મોની અપેક્ષાએ હોય છે ?

જ. : ના, વસ્તુમાં બધા જ ધર્મ પ્રતિસમય પોતાની પૂર્ણ સામર્થ્યથી વિદ્યમાન સ્વરૂપે રહેતા હોય છે.

સ. 12 : કઈ અપેક્ષાથી વસ્તુમાં મુખ્યતા - ગૌણતા હોય છે ?

જ. : વસ્તુમાં મુખ્યતા- ગૌણતા વક્તાની ઇચ્છાનુસાર હોય છે; કારણ કે વિવક્ષા - અવિવક્ષા વાણીના ભેદ છે, વસ્તુના નહીં.

સ. 13 : શા માટે વાણીમાં મુખ્ય- ગૌણનો ભેદ હોય છે?

જ. : કારણ કે વાણીમાં વસ્તુના બધાં ધર્મોને એકસાથે કહેવાનું સામર્થ્ય નથી.

સ. 14 : શું નયોના કથનથી અવિવક્ષિત ધર્મોનો નિષેધ કરી શકાય છે ?

જ. : ના.

સ. 15 : વ્યવહારનું કાર્ય શું છે ?

જ. : સ્વમાં ભેદ કરવું, પરથી અભેદ કરવું, સંયોગોનું જ્ઞાન કરાવવું અને વસ્તુ સ્વરૂપને સમજાવવાનું છે.

સ. 16 : વ્યવહાર નયનું ફળ શું છે ?

જ. : સંસાર

સ. 17 : વ્યવહારનય ભૂતાર્થ છે કે અભૂતાર્થ ?

જ. : અભૂતાર્થ

સ. 18 : શું વ્યવહારનય પૂર્ણત: અભૂતાર્થ છે? તર્ક સહિત જવાબ આપો.

જ. : ના, વ્યવહારનય પૂર્ણત; અભૂતાર્થ નથી, ક્થંચિત્ અભૂતાર્થ છે. વ્યવહારનય નિશ્ચયનયની અપેક્ષા અભૂતાર્થ છે. પણ લોકવ્યવહારમાં તે ભૂતાર્થ છે.

સ. 19 : શા માટે વ્યવહારનયને અભૂતાર્થ કહેવામાં આવે છે ?

જ. : વ્યવહારનયના વિષયભૂત ભેદ અને સંયોગના આશ્રયથી આત્માનો અનુભવ નહીં થાય, મુક્તિની પ્રાપ્તિ નહીં થાય. આ અપેક્ષાથી વ્યવહારનયને અભૂતાર્થ કહેવામાં આવ્યો છે.

સ. 20 : વ્યવહારનયના વિષયભૂત ભેદ અને સંયોગોનું અસ્તિત્વ હોય છે કે નહીં ?

જ. : વ્યવહારનયના વિષયભૂત ભેદ અને સંયોગોનું અસ્તિત્વ હોય છે.

સ. 21 : શું વ્યવહારનયનો વિષય ધ્યેય છે ?

જ. : ના, વ્યવહારનયનો વિષય ધ્યેય નહીં, જ્ઞેય છે.

સ. 22 : નિશ્ચયનું કાર્ય શું છે ?

જ. : પરથી ભેદ કરી સ્વમાં અભેદ કરવું. વ્યવહારના નિષેધની સાથે પોતાના (સ્વંયના) પક્ષનો પણ નિષેધ કરી જીવને નયાતીત આત્મામાં સ્થાપવો.

સ. 23 : નિશ્ચયનયનું ફળ શું છે ?

જ. : મોક્ષ

સ. 24 : નિશ્ચયનય ભૂતાર્થ છે કે અભૂતાર્થ ?

જ. : ભૂતાર્થ.

સ. 27 : નિશ્ચયનયનો વિષય શું છે?

જ. : અભેદ અખંડ આત્મા.

સ. 26 : નિશ્ચયનયને ભૂતાર્થ શા માટે કહેવામાં આવે છે ?

જ. : નિશ્ચયનયના આશ્રયથી સમ્યગ્દર્શનની ઉત્પત્તિ થાય છે, મુક્તિની પ્રાપ્તિ થાય છે આ કારણથી તેને ભૂતાર્થ કહેવામાં આવે છે.

સ. 27 : વ્યવહાર અને નિશ્ચય વચ્ચે ક્યો સંબંધ છે ?

જ. : નિષેધ્ય – નિષેધક.

સ. 28 : નિશ્ચય અને વ્યવહાર વચ્ચે ક્યો સંબંધ છે ?

જ. : પ્રતિપાદ્ય – પ્રતિપાદક.

સ. 29 : શા માટે વ્યવહારનય નિશ્ચયનયનો પ્રતિપાદક છે ?

જ. : વ્યવહારનય અભેદ - અખંડ વસ્તુમાં ભેદ કરીને અભેદ-અખંડ વસ્તુને જ સમજાવવાને લીધે નિશ્ચયનો પ્રતિપાદક છે.

સ. 30 : કઈ અપેક્ષાથી નિશ્ચય અને વ્યવહાર એકબીજાનાં વિરોધી છે ?

જ. : વિષયગત વિરોધનાં કારણે બંને નય એકબીજાનાં વિરોધી છે. વ્યવહારનું કામ ભેદ કરીને સમજાવવાનું અને સંયોગોનું જ્ઞાન કરાવવાનું છે તેથી તે અભેદ- અખંડ વસ્તુનાં ભેદ કરીને સમજાવે છે અને સંયોગોનું જ્ઞાન કરાવે છે. નિશ્ચયનું કામ

વ્યવહારનો નિષેધ કરવો તે છે.

સ. 31 : શું નિશ્ચય અને વ્યવહાર એકબીજાના પૂરક છે ?

જ. : હા છે. બંને નય એકબીજાના પૂરક છે. કારણ કે વસ્તુના પરસ્પર વિરોધી ધર્મોમાંથી એકનું કથન નિશ્ચય અને બીજાનું કથન વ્યવહાર કરે છે. તેથી વસ્તુના સંપૂર્ણ પ્રકાશન અને પ્રતિપાદન માટે બંને નય આવશ્યક છે.

સ. 32 : અનુભવને નયપક્ષાતીત કઈ અપેક્ષાથી કહ્યો છે ?

જ. : અનુભવમાં નિશ્ચયનયસંબંધી વિકલ્પ નથી રહેતા. આ અપેક્ષાથી અનુભવને નયપક્ષાતીત કહ્યો છે.

સ. 33 : 'નિશ્ચયનયના આશ્રયથી અનુભવ થાય છે.' આ કઈ અપેક્ષાથી કહેવામાં આવ્યું છે ?

જ. : નિશ્ચયનયના વિષયભુત અર્થની અપેક્ષાથી નિશ્ચયનયનો આશ્રય કહેવામાં આવે છે.

સ. 34 : દુનિયાની માન્યતાનું પ્રતિનિધિત્વ કરવાવાળો ક્યો નય છે ?

જ. : અસદભુત વ્યવહારનય

સ. 35 : લૌકિક વચન વ્યવહાર ક્યા નય પર આધારિત છે ?

જ. : અસદભુત વ્યવહારનય.

સ. 36 : ભિન્ન વસ્તુઓમાં અભેદ વ્યવહાર કરવાવાળો ક્યો નય છે ?

જ. : અસદભુત વ્યવહારનય.

સ. 37 : અભિન્ન વસ્તુઓમાં ભેદ વ્યવહાર કરવાવાળો ક્યો નય છે ?

જ. : સદ્ ભુત વ્યવહારનય.

સ. 38 : અખંડ દ્રવ્યની વચ્ચે ભેદ કરીને સમજવા-સમજાવવાનું કાર્ય ક્યો નય કરે છે ?

જ. : સદ્ ભુત વ્યવહારનય.

સ. 39 : ભેદ અને વિકારનું જ્ઞાન ક્યો નય કરાવે છે ?

જ. : સદ્ ભુત વ્યવહારનય.

સ. 40 : ઉપચારને વિષય બનાવવાળો ક્યો નય છે ?

જ. : અનુપચરિત અસદભુત વ્યવહારનય.

સ. 41 : ઉપચારમાં ઉપચારને વિષય બનાવાવાળો ક્યો નય છે ?

જ. : ઉપચરિત અસદભુત વ્યવહારનય

સ. 42 : સદાચારની મર્યાદાનો પ્રતિપાદ્ક ક્યો નય કરે છે ?

જ. : ઉપચરિત અસદભુત વ્યવહારનય.

સ. 43 : ક્યો નય પુણ્ય-પાપના ઉદયમાં મળેલાં સંયોગોને પોતાનાં કહે છે ?

જ. : ઉપચરિત અસદભુત વ્યવહારનય.

સ. 44 : ક્યો નય જે મનુષ્ય અને પ્રાણી, સ્વધન-પરધન, સ્વસ્ત્રી-પરસ્ત્રીમાં અંતર સ્પષ્ટ કરે છે ?

જ. : ઉપચરિત અસદભુત વ્યવહારનય.

સ. 45 : આત્મા અને શરીરને એક કહેવાવાળો ક્યો નય છે ?

જ. : અનુપચરિત અસદભુત વ્યવહારનય.

સ. 46 : શરીરને સજીવ ક્યા નયથી કહેવામાં આવે છે ?

જ. : અનુપચરિત અસદભુત વ્યવહારનય.

સ. 47 : રાત્રિ-ભોજનનો ત્યાગ ક્યા નયથી કહેવામાં આવે છે ?

જ. : અનુપચરિત અસદભુત વ્યવહારનય.

સ. 48 : અહિંસાત્મક આચરણનું પ્રતિપાદન કરવાવાળો ક્યો નય છે ?

જ. : અનુપચરિત અસદભુત વ્યવહારનય.

સ. 49 : પોતાની ભૂલોનું પ્રતિપાદન કરવાવાળો ક્યો નય છે ?

જ. : ઉપચરિત સદભુત વ્યવહારનય.

સ. 50 : જીવ અને જ્ઞાનને ભિન્ન-ભિન્ન ક્યા નથી કહેવામાં આવે છે ?

જ. : અનુપચરિત સદભુત વ્યવહારનય.

સ. 51 : સંબંધ કેટલાં પ્રકારનાં હોય છે ? નામ જણાવો.

જ. : સંબંધ બે પ્રકારનાં હોય છે. (1) સંશ્લિષ્ટ સંબંધ (2) અસંશ્લિષ્ટ સંબંધ

સ. 52 : સંશ્લિષ્ટ સંબંધ કોને કહેવાય છે ?

જ. : જ્યારે બે પદાર્થોમાં સીધો સંબંધ જોવા મળે છે ત્યારે તેને સંશ્લિષ્ટ સંબંધ કહે છે. સંશ્લિષ્ટ પદાર્થોમાં માત્ર ઉપચાર કરવાથી કામ ચાલી જાય છે. જેમ કે - જ્ઞાતા-જ્ઞેયસંબંધ, આત્માનો શરીર સાથે સંબંધ.

સ. 53 : અસંશ્લિષ્ટ સંબંધ કોને કહેવાય છે ?

જ. : જ્યારે બે પદાર્થ કોઈ ત્રીજા મધ્યમથી (indirect) સંબંધિત હોય છે ત્યારે તેને અસંશ્લિષ્ટ સંબંધ કહેવાય છે. આમાં પદાર્થોમાં ઉપચારમાં પણ ઉપચાર કરવામાં આવે છે. જેમ કે સ્ત્રી-પુત્રાદિ, મકાનાદિ સાથેનો સંબંધ.

સ. 54 : જીવને પોતાના દ્વારા કરેલાં અપરાધોની સ્વીકૃતિ ક્યો નય કરાવે છે ?

જ. : અશુદ્ધનિશ્ચયનય.

સ. 55 : સાધક અવસ્થામાં પણ 'સિદ્ધો સમાન પૂર્ણ શુદ્ધ જીવ' ક્યા નયથી કહેવામાં આવે છે ?

જ. : એકદેશશુદ્ધનિશ્ચયનય.

સ. 56 : શુદ્ધ ક્ષાયિકભાવોની સાથે અભેદ ક્યો નય બનાવે છે ?

જ. : સાક્ષાતશુદ્ધનિશ્ચયનય.

સ. 57 : ત્રિકાળી ધ્રુવ સ્વભાવને ક્યો નય પોતાનો વિષય બનાવે છે ?

જ. : પરમશુદ્ધનિશ્ચયનય.

સ. 58 : ક્યો નય કયારેય પણ વ્યવહારપણાને પ્રાપ્ત થતો નથી ?

જ. : પરમશુદ્ધનિશ્ચયનય.

સ. 59 : આઠેય નય શું કામ કરે છે ?

જ. : આપણને આખી દુનિયાથી અલગ કરીને શુદ્ધાત્મા સુધી પહોંચાડે છે.

::::::::::: Book was Complit Date : 18-10-2020 ==========

5TH PROOF તા. 18-10-2020